
# અધ્યાત્મ


વર્ષ : ૧૦
અંક : ૫
ફેબ્રુઆરી : ૧૯૮૯

## * સદ્‌ભાવભરી ભેટ *

સદ્‌ભાવભરી ભેટના પ્રવાહે આજે દિનપ્રતિદિન વધતી જતી મોંઘવારીમાં ' અધ્યાત્મ 'ને જૂના લવાજમના દરે ટકી રહેવાની શક્તિ પૂરી પાડી છે. એમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમજ માશ્રી સર્વેશ્વરીની કૃપાનું દર્શન અમને થાય છે. છેલ્લે મળેલી ભેટોની વિગત નીચે પ્રમાણે છે.

રૂા.

૧૧ શ્રી ચંદ્રેશ જે. દવે, મોરબી.

૧૦૧ શ્રીમતી મમતાબેન ભાટિયા, વાંસદા પુત્ર સંદીપના લગ્ન નિમિત્તે.

૩૦૧ સરલ ગીતા પારાયણવૃંદ વડોદરા તરફથી હા. વિનુભાઇ અમીન.

૧૦૧ શ્રી તારાબેન ગોવિંદજી ભક્ત, પનામા તરફથી રોશનના જન્મદિન નિમિત્તે.

૧૦૧ શ્રી સુવર્ણાબેન બિન્દુકાન્ત ઝાલા, મોરબી પતિના સફળ મોતિયાના ઓપરેશન નિમિત્તે.

૧૦ શ્રી ચંદ્રકાન્ત રાવલ, ધ્રાંગધ્રા.

૫૦ શ્રી રામદાન નારણદાન મીસણ, મોરબી.

૨૫ શ્રી ચંદ્રકાન્ત પંડ્યા, રાજકોટ.

૧૦૧ શ્રી સુખલાલભાઇ રણછોડભાઇ પૂજારા, મોરબી–બેન મંજુલાના લગ્ન નિમિત્તે.

૧૧૧ શ્રી સુરેશભાઇ શાહ, કેનેડા–એમના પિતાજી શ્રી મોહનલાલ શાહના અમૃત મહોત્સવ પ્રસંગે.

૧૫૦ શ્રી ઇલાબેન બચુભાઇ ભક્ત, કપૂરા–બેન રીટાના લગ્ન નિમિત્તે દસ ગ્રાહકોના.

## * ટેલિફોન નંબર બદલાયો છે *

અધ્યાત્મનો ભાવનગરનો ટેલિફોન નંબર બદલાયો છે. નવો નંબર **૨૫૮૧૧** થયો છે જેને નોંધી લેવા વિનંતી છે.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૧૦ અંક : ૫ છૂટક નકલ ૨–૦૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બારડીગેટ ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### ' અધ્યાત્મ ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| શ્રીયોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| સન્માન | — | ૧૦ |
| સન્માન પત્ર | — | ૧૩ |
| વિષાદનો સાદ | ભરતભાઇ વિઠ્ઠલભાઈ ભક્ત | ૧૭ |
| કાવ્ય | રતિલાલ ભાવસાર | ૨૪ |
| बलमूपासित् | મહેન્દ્રકુમાર દેસાઇ | ૨૫ |
| અતિમાનુષનું અવતરણ | ભાઇલાલભાઈ છાટબાર | ૩૧ |
| સહજતા પ્રાપ્ત કરવાનો માર્ગ | શ્રીમણિલાલ દવે | ૩૯ |
| આપણી વાત | રણજિત પટેલ | ૪૫ |
| 'અમારા વતી પણ દર્શન કરજો' | સુમનભાઇ વ્યાસ | ૪૬ |
| પ્રભુ-પ્રાર્થના | કમલ સુથાર | ૫૨ |
| વિદ્યા પ્રેમી શ્રીરામતીર્થ | ઝિંઝુવાડીયા કનૈયાલાલ | ૫૫ |
| રામકથા | શ્રીયોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૦ ફેબ્રુઆરી-૧૯૮૯ અંક : ૫


## શ્રી યોગેશ્વર કથામૃત

તા. ૧૦-૯-૧૯૮૦ બુધવાર, ભાદરવા સુદ પડવો ૨૦૩૬
સ્થળ : સરદારનગર, ભાવનગર.

આજનું પ્રભાત શાંતિપ્રદાયક હતું. શ્રાવણ માસના પ્રથમ દિને શ્રી યોગેશ્વરજીની અમૃતધારાની નોંધનો નિર્ણય થયો હતો જે બરાબર એક માસ થઇ ગયો છતાં નિર્વિઘ્ને પૂર્ણ થયો. એક માસમાં ત્રણ સ્થળો બદલાયાં. વિવિધ વ્યક્તિઓના સંપર્કની સાથે પરિચયો થયા. પૂ. શ્રીને દરરોજ કોણ કોણ મળે છે કેટલી મિનિટ મળે છે તે મહત્વનું નથી પણ પૂ. શ્રીની અમૃતવાણી ક્યાં ને કેવી રીતે સંભળાય છે તે જ મહત્વનું છે. એની નોંધ કરવાનો શુભ સંકલ્પ ઘણો ઘણો સમય માંગી લે છે. છતાં જેને જેને એ નોંધ વાંચવાનું મળ્યું તે તે ખૂબ પ્રામાણિક અભિપ્રાય આપતા કહે છે : વાંચવામાં કંટાળો નથી આવતો...ઘણી માહિતીઓ મળે છે. પૂ. શ્રીનું જીવનદર્શન આ નોંધમાં મળે છે. તો વળી કોઇ કહે છે કે "સમયના વહેણમાં સાહિત્ય પણ વહી જાય એવું આ લખાણ નથી." આ બધા અભિપ્રાયોથી નોંધ તૈયાર કરવામાં પરોક્ષ પ્રેરણા મળી રહી હોય એવું અનુભવું છું. તેથી જ આ

નોંધ હવે ચાલુ જ રહે એવા આશીર્વાદ પરમ પ્રભુ ગુરુદેવ યોગેશ્વરજી પાસે જ માંગું તો તે અસ્થાને નથી.

આજે માતાજીને રાત્રે ઘણી ઘણીવાર જાગવું પડ્યું પરિણામે પૂ. શ્રીને ઉજાગરો થયો છે, છતાં નિયમિત વ્યાયામ કરી માતાજીને સ્નાન, દવા, દૂધ વિ. આપીને પૂ. શ્રી નવ વાગ્યે બહાર આવે છે. એ દિવસથી માતાજીને સ્નાન કરાવવાની પણ સેવા આપવાનું સદ્ભાગ્ય મળે છે. પૂ. શ્રીએ દૂધ પીધા પછી થોડી મહત્વની પ્રશ્નોત્તરીનું વાંચન શ્રી નારાયણભાઇ અને સરસ્વતીબેન સમક્ષ થાય છે. જીવોના કલ્યાણ માટે મહાપુરુષ કેવી કેવી અલૌકિક કરણી કરે છે તેનો એ વાતચીત ઉપરથી ખ્યાલ આવે છે.

પૂ. શ્રી એ પ્રશ્નોત્તરીના અનુસંધાનમાં કહે છે કે વિશ્વના વાયુ મંડળમાં વસતા કોઈપણ જીવનું અહીં સુતા સુતા સંકલ્પ માત્રથી પ્રગટીકરણ થઈ શકે એવી હમણાંની આ ભૂમિકા છે. દક્ષિણયાત્રામાં પણ જે તે સંતો પોત પોતાના સ્થાનથી એક માઈલ અગાઉથી મારી પાસે સ્મિત કરતા આવકારતા આવતા. વાયુમંડળમાં વસતા ઉચ્ચ, મધ્યમ કે નીચ કોઇપણ ભૂમિકા ઉપરના તમામ જીવોની સાથે વાતો થઇ શકે, પણ કદાચ તેમાંથી કોઇનો જન્મ થઇ ગયો હોય તો પછી જગદંબા જણાવી દે કે જન્મ થઇ ગયો છે, નહીં આવી શકે."

પછી પૂ. શ્રીના સ્વજનો અંગે વાત કરતા કહે છે કે તમારે (સર્વેશ્વરી) મારી સાથે કામ, બીજા સાથે શું લેવા દેવા ? તમારે એક પ્રભુ સાથે કામ પ્રભુ બધી સેવાની નોંધ રાખે છે, પછી બીજુ કામ તમારે મારી સાથે-આ યોગેશ્વર ભગવાન સાથે (પોતાની જાત પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં



કહે છે) ખરૂ ને ? તમારે માતાજી સાથે પણ શું ? એ તો ઠીક છે તમે માતાજીની સેવા કરો છો, મહાત્માજીના માતા છે માટે પ્રસન્નતાથી કરો છો-બાકી બીજા સાથે તમારે શું ? વિગેરે વિગેરે.

પૂ. શ્રીની આ વાતચીત સાથે જ સત્યના માપ દંડે માપીએ તો ખ્યાલ આવે કે કોઇપણ કુળમાં જન્મેલો બાળક જ્યારે સાધના કરીને સર્વશ્રેષ્ઠ સંત બને છે, ત્યારે તે સંતનું આખું વિશ્વ સ્વજન બની જાય છે. એ સંતપુરુષ વિશ્વની મૂડી બને છે. કોઈ એક કુટુમ્બની કે કોઇ એક સગાની નહીં પણ સમગ્ર જનસમુદાયની એ સંતવિભુતિ પ્રેરક પગદંડી બની રહે છે. એટલે એ વિશાળ સંદર્ભમાં વિચારીએ તો પૂ. શ્રી યોગેશ્વરજી સગપણના નાતે કોઈપણ સાથે બંધાયેલા નથી. એ તો તે સમગ્ર માનવજાતના છે. એમની વિચાર–સરણિમાં કોઇપણ વ્યકિતની આત્મિક કે આધ્યાત્મિક ઉચ્ચતાજ અગ્રસ્થાને રહે છે.

એ દૃષ્ટિએ પૂ. શ્રી ખૂબ તટસ્થ ભાવે પોતાના સ્વજનો સાથે વ્યવહાર કરે છે. આ અંગે પૂ. શ્રી ખૂબ સ્પષ્ટતાથી છતાં પ્રેમથી પોતાની વાત સહુને સમજાવે છે.

આજે માતાજીની દીકરી મણીનગરથી આવ્યાં છે જેથી પૂ. શ્રીને થોડી રાહત રહેશે એમ ધારેલું, પણ પૂ. શ્રીએ જ સેવાનો સઘળો કાર્યભાર વહન કર્યો, કારણ કે બેન પોતાની કોઈ મુશ્કેલીને લીધે ફરી અમદાવાદ જવા વિદાય થઈ જવાની ઈચ્છા રાખતા હતા, અને અંતે તેઓ બપોરે વિદાય થયાં, પૂ. શ્રીએ આરામ કર્યો.

પાંચ વાગ્યા એટલે માતાજી માટે પપૈયું સમારવા હું રસોડામાં ગઇ ત્યાંથી વડોદરાના અમારા શ્રદ્ધાળુ સેવક પ્રેમી

યજમાન શ્રી જીતુભાઇને જોયા, એટલે પૂ. શ્રીની આજ્ઞા લઈ તેઓને મળવા શ્રી નારાયણભાઇને ત્યાં ગઇ, સાડા-પાંચ વાગ્યે ફરી ઉતારા ઉપર અમે સૌ આવ્યાં. પૂ. શ્રીને માતાજીને અને મને ખૂબ આનંદ થયો.

પૂ. શ્રી સાડા છ સુધી રૂમમાં માતાજીની સેવામાં રોકાયા. શ્રી જીતુભાઈ પણ માતાજી પાસે બેઠા. સાત વાગ્યે પૂ. શ્રી બહાર આવે છે.

સત્સંગમાં આજે પૂ. શ્રીએ કહ્યું કે ગીતામાં ભગવાને કહ્યું છે કે ભકતનું ચિત્ત હંમેશા મારામાં રહે છે. ભકતનું શરીર ગમે ત્યાં રહે કે ફરે પણ મન ભગવાનમાં જ રમે, શરીર કયાં રાખવું એ માનવના હાથની વાત નથી, પણ ચિત્ત કયાં રાખવું એ આપણા હાથની વાત છે. પોતાના મનથી જ પોતાનો ઉદ્ધાર કરવો. ભગવત્ ભકતનું ચિત્ત પ્રભુને જ સમર્પિત થયેલું હોય છે. ભકત ધન, વૈભવ વિના પણ શાંતિથી રહી શકે છે. ભગવદ્ ભકતો એકમેકને મળે તો ભગવાનની જ વાતો કરે છે. જેવા આપણા વિચારો તેવા જ આપણે સંતોને પણ વિચારીએ. આપણે સંતોને મુલવી શકતા નથી, કારણ આપણે સંત નથી.

આજે સત્સંગમાં પૂ. શ્રી દક્ષિણેશ્વરના લાલ કપડામાં સજ્જ થયેલા મા, મા, માનાં જ જપ કરતાં વિરહવ્યથા દર્શાવતા સંતપુરુષની વાત તથા સર્વેશ્વરીની પ્રભુભક્તિની વાતો કરે છે.

સત્સંગ પછી માતાજીને દૂધ આપી દીધુ છે. પૂ. શ્રી ખીચડી શાક લે છે. પછી ફરી જીતુભાઇ, નારણભાઇ, અજય વિ. આવે છે. આજે જીતુભાઇ ફોટા લાવ્યા છે. તેમણે પૂ. શ્રીના, માતાજીના, સર્વેશ્વરીના ફોટા પાડ્યા હતા. જે



અમે જોયા. અમને ખૂબ ગમ્યા. પૂ. શ્રીને બતાવ્યા. પૂ. શ્રી કહે, "જોવા જેવું તો આખા જગતમાં ઘણું છે પણ એક જ જોવા જેવા જગતજનની જગદંબા દક્ષિણેશ્વર વાસિની સર્વેશ્વરી છે"

મેં કહ્યું, "ના, આ તો જ્યોતિર્મયી મહાદેવી સર્વભૂત મહેશ્વરી નમઃ તસ્યે…એમના ફોટા છે. સરસ છે." પૂ.શ્રી : ઠીક છે.

"આટલા સરસ છે તો પણ ? પૂ. શ્રી : હું જલ્દી કોઇને સરસ કહેતો નથી. સારું ન હોય તો થર્ડકલાસ છે એમ કહું છું. મસૂરીમાં અમારા ગુરુજી હતા તે દરેક વસ્તુ પછી તે ઉતરી ગયેલું શાક કેમ ન હોય! તો પણ બહુત બઢિયા, બહુત બઢિયા' એમ કહેવાની ટેવવાળાં હતા, તેવો હું નથી. મારી દૃષ્ટિએ સરસ કહેવાનું વાર લાગે છે."

આટલી વાતચીત થઈ ત્યાં તો દશ પણ વાગી ગયા. પછી માતાજી માટે મોસંબીનો રસ કાઢ્યો ને થોડા વખત માટે પૂ. શ્રીની આજ્ઞાથી શ્રી નારાયણભાઇને ત્યાં જવાનું બન્યું. સાડા અગિયાર ડાયરી લેખનમાં થયા. હજી માતાજીને ઊંઘ નથી આવી જેથી પૂ. શ્રી પણ જાગે જ છે. હરિ : ૐ

માણસના સુખ માટે એ જરૂરી છે કે તે મનથી પોતાની જાતને વફાદાર રહે. અમુક વસ્તુ માનવી કે ન માનવી તેમાં બેવફાઇ નથી; પોતે જે ન માનતો હોય તે માનવાનો દેખાવ કરવો તેમાં જ બેવફાઇ રહેલી છે.

૧૮, માર્ચ ૧૯૮૯થી ત્રણ દિવસની

## * મુંબઇની શિબિરનો કાર્યક્રમ *

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની પાંચમી પૂણ્ય તિથિ નિમિત્તે તા. ૧૮-૩-૮૯ ના દિને પ. પૂ. જગદંબા સ્વરૂપ મા સર્વેશ્વરીના સુખદ સાન્નિધ્યમાં પૂજ્ય શ્રી યોગેશ્વરજીની નિર્વાણભૂમિમાં ત્રણ દિવસનો સત્સંગ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તો તેનો લાભ સર્વે સાધકોને લેવા હાર્દિક નિમંત્રણ છે. બહાર ગામથી આવનાર ભાઈ બહેનોની ઉતારાની તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. તે માટે તેઓએ તા. ૫ મી માર્ચ સુધીમાં નીચેના સરનામે જાણ કરવાની રહેશે.

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ૬૦૬ શ્રોફ એપાર્ટમેન્ટ B વીંગ, સોડાવાલા લેન, બોરીવલી (વેસ્ટ) મુંબઇ ૯૨ ટે. નં. ૬૫૩૯૪૫.

### કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૮-૩-૮૯

સ્થળઃ-ગીતા ભવન, લક્ષ્મીનારાયણ મંદિર,
કાંદીવલી (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૬૭

જ્યાં પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ ભાગવત ઉપર પ્રવચન આપતાં આપતાં પોતાના પાર્થિવ તનુનો ત્યાગ કર્યો.

૮-૩૦ થી ૯-૩૦ ગુરુપૂજન,
૯-૩૦ થી ૧૦-૦૦ અર્ચન વિધિ
૧૦-૦૦ થી ૧૧-૦૦ પ. પૂ. શ્રી મહાત્મા યોગેશ્વરજીની વીડીયો અગર ઓડિયો પ્રવચન કેસેટ
૧૧-૦૦ થી ૧૨-૦૦ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું ઉદ્બોધન
૧૨-૦૦ થી ૩-૦૦ ફળાહાર
૩-૦૦ થી ૩-૩૦ સમૂહ ગીતા પાઠ



૩-૩૦ થી ૪-૩૦ સાધકોનો પ્રાંસગિક વાર્તાલાપ
૫-૩૦ થી ૬-૩૦ સમૂહ ધૂન, ભજન

તા. ૧૯-૩-૮૯

સ્થળઃ-હિન્દુજા હોલ, દોલત નગર, રોડ નં. ૧૦
બોરીવલી (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૬૬

૮-૩૦ થી ૯-૩૦ સમૂહ પ્રાર્થના તથા ધ્યાન
૯-૩૦ થી ૧૦-૩૦ મહાભારત દર્શન
૧૦-૩૦ થી ૧૧-૩૦ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની વિદેશ યાત્રાની વીડિયો કેસેટ
૧૧-૩૦ થી ૧૨-૩૦ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું ઉદ્બોધન
૧૨-૩૦ થી ૩-૦૦ ભોજન તથા વિશ્રામ
૩-૦૦ થી ૩-૩૦ વિષ્ણુ સહસ્રનો સમૂહપાઠ
૩-૩૦ થી ૪-૩૦ સાધકોનો વાર્તાલાપ
૪-૩૦ થી ૬-૦૦ પ્રશ્નોત્તરી-
પ. પૂ. મા સર્વેશ્વરીનાં આશીર્વચનો
૬-૦૦ થી ૭-૦૦ ધૂન-ભજનો

તા. ૨૦-૩-૮૪

સવારે છ વાગે વજ્રેશ્વરી-ગણેશપુરીની યાત્રાનો બસ દ્વારા પ્રારંભઃ-દિવસ દરમ્યાન. સ્નાન, દર્શન, પૂજન, સત્સંગ તથા ભોજનનો કાર્યક્રમ વજ્રેશ્વરી ખાતે રહેશે. સાંજે પાંચ વાગે ગણેશપુરીથી બોરીવલી પાછા આવવા પ્રયાણ.
(બસભાડાનો ખર્ચ રૂા. ૪૦ વ્યક્તિદીઠ આપવાનો રહેશે.)

જે સાધક ભાઈ બહેનો આ ત્રણે દિવસના કાર્યક્રમમાં જોડાવા માગતા હોય તેઓએ પોતાનાં નામ સરનામાં ને સભ્ય સંખ્યા બોરીવલીના સરનામે તા. ૫-૩-૮૯ પહેલાં લખી મોકલવાં ને બસભાડાના પૈસા મોકલાવી આપવા.

કપૂરાના ગ્રામવાસીઓ તરફથી પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરીના હાથે

## સન્માન

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું સન્માન એમની જન્મભૂમિ કપૂરાના સમગ્ર ગામ પરિવારો તરફથી તા. ૨૨-૧-૮૯ ના રોજ કરવામાં આવ્યું. આ માટે એક ખાસ સમારંભ યોજવામાં આવેલો. ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરીના હસ્તે સ્ટીલફ્રેમમાં મઢાવેલ આ સન્માનપત્ર પૂ. માશ્રી સર્વેશ્વરીને અર્પણ કરવા ઉપરાંત, તેઓએ પૂ. માને ગામલોકો તરફથી ગરમ શાલ ઓઢાડી સુખડની પેટી અને અશોક સ્થંભના પ્રતીકો પણ આપ્યા હતાં. સન્માન પત્રનું વાંચન તેમજ પૂ. માનો પરિચય પૂ. માના તેમજ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના પ્રેમી અનુયાયી શ્રી ઈશ્વરભાઈ પ્ર. ભકતે કર્યું હતું.

આ પ્રસંગે "ગોપાલ સ્મૃતિ" સભાગ્રહ તેમજ દૂધમંડળના નવા મકાનોનાં ઉદ્ઘાટનો પણ મુખ્ય મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યાં હતા.

પૂ. માએ સન્માન પત્રના પ્રત્યુત્તરમાં પોતાનાં માતા–પિતાને વંદન કરી ઉમેર્યું હતું કે તેઓની આગવી શિક્ષણ દૃષ્ટિને પરિણામે તેઓ સારૂં શિક્ષણ પામી શકયાં.

પોતાની લાક્ષણિક વિનોદભરી શૈલીમાં વધુમાં ઉમેર્યું કે આજના યુગમાં ચોકખું ઘી મળવું મુશ્કેલ છે, તે પ્રમાણે સારા ને સાચા સંતો પણ ઓળખાવા મુશ્કેલ છે. પરંતુ આ તો ઘરનું ઘી છે. પૂરી ખાત્રીનું-ભેળસેળ વગરનું. અમારૂં સમગ્ર જીવન ગામના વડીલો સહુએ જોયું છે. સહુ



અમને જાણે છે અને અમારૂં તપ પણ સહુની વચ્ચે જ પ્રભુકૃપાથી ચાલી રહ્યું છે. એટલે એમને શંકા કરવાનું કોઈ કારણ નથી.

આજના યુગ પ્રમાણે યજ્ઞની ભાવના કેવી હોવી જોઇએ તે અંગે બોલતાં તેઓએ કહ્યું કે અમોને મુંબઇના સાધકશ્રી પ્રહલ્લાદભાઈ પંડ્યાનાં ધર્મપત્નીએ એમના સંકલ્પ પ્રમાણે શાલ ઓઢાડેલી. અમે તેને જરૂરિયાતવાળા અમારી પાસે આવતા કડિયા શ્રી નટવરભાઇને આપી. એજ રીતે આજે ઓઢાડેલી આ શાલ પણ બીજા કોઈ જરૂરિયાતવાળા પરિવારમાં પહોંચી જશે. મતલબ કે તમારી પાસે જે કંઇ વધારે હોય તે બીજા જરૂરિયાતવાળાઓને પ્રેમથી આપતા રહો. એ સાચો યજ્ઞ છે. એનાથી પ્રભુ પ્રસન્ન રહે છે ને તમને એક સત્કર્મ કર્યાનો સંતોષ પણ પ્રાપ્ત થાય છે.

ગામ લોકોએ વ્યક્ત કરેલ શુભ લાગણી બદલ તેઓએ સહુનો આભાર માની, સહુનું સર્વપ્રકારે મંગલ થાઓ એવી ભાવના વ્યક્ત કરી હતી. ગામના હિત માટેની કોઈ પણ પ્રવૃત્તિ માટે પોતા તરફથી દાનની જાહેરાત પણ કરી હતી.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ પૂ. માએ વર્ણવેલ નવી યજ્ઞ ભાવનાની પ્રશસ્તિ કરતાં કહ્યું કે એ પ્રમાણે પોતા પાસે જે કંઈ જરૂરિયાત કરતાં વધુ હોય તે બીજા જરૂરિયાતવાળાંઓને આપીએ, તો એ પણ સાચો યજ્ઞ છે. જો લોકો એનો પ્રેમપૂર્વક અમલ કરે તો એનાથી ઘણા ગરીબ લોકોને મદદ પહોંચે, આર્થિક અસમાનતા ઓછી થાય. ગામના આગેવાન યુવાન સહકારી કાર્યકર શ્રી હસુભાઇની તેમજ કપૂરા ગામની પ્રગતિશીલતાની તેઓએ સરાહના કરી હતી. આ પ્રસંગે સમગ્ર ગામ લોકો ઉપરાંત જીલ્લાના અગ્રગણ્ય સહકારી કાર્યકરો, સુમુલ ડેરીના ચેરમેન,

ખાંડની સહકારી મીલોના ડાયરેકટરો તેમજ પૂ. શ્રી યોગેશ્વર પરિવારના સાધકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સહુને સરસ ભોજન જમાડવામાં આવ્યું હતું. શ્રી ધીરૂભાઈ ભકતે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### ૧૦૮ કલાકની ધૂન

કપૂરાના શ્રી ઈશ્વરભાઇ ભકત તેમજ ધ્યાન કેન્દ્રના સભ્યોએ સાથે મળી, તેઓના ઘરમાં સ્થાપવામાં આવેલ પ. પૂ. શ્રી યોગેશ્વરજીની જીવિતકદની પ્રતિકૃતિ સામે ૧૦૮ કલાકની ધૂનનો સંકલ્પ અગાઉ કરેલો.

ધૂનનો મંત્ર હતો "ૐ શ્રી યોગેશ્વરાય નમઃ"

આ ધૂનનો ૧૦૮ કલાકનો સંકલ્પ પણ તા. ૨૨-૧-૮૯ ના રોજ સવારે સહુ સાધકોની હાજરીમાં પુરો થયો એનો વિશેષ આનંદ સહુને થયો.

શ્રી ઈશ્વરભાઈ ભકતની સંકીર્તન ભકિતમાંની શ્રદ્ધાને લીધે આ શકય બન્યું. એનાથી એમના સમગ્ર ઘરનું વાતાવરણ પવિત્ર તીર્થરૂપ બન્યું. કોઇપણ લૌકિક અપેક્ષા વગરના આ પ્રભુ પ્રીત્યર્થેના સંકીર્તન કાર્યક્રમની અન્ય સાધકોને પણ સારી એવી પ્રેરણા મળી.

### નાચી ઊઠયા !

પૂ. માના લાંબા ઉપવાસો ચાલુ હોવાથી ને પ્રવાસનો પરિશ્રમ પડવા છતાં શ્રી મોહનભાઇ લલ્લુભાઈ ભકતને ત્યાં સત્સંગ તેમજ ધૂનની બે બેઠકોમાં તેઓએ હાજરી આપી. આથી બહારગામથી આવેલ સાધકોને ઘણું પ્રોત્સાહન મળ્યું. પૂ. માનું આ પ્રકારનું સાંન્નિધ્ય મળતાં સહુ સાધકો આનંદવિભોર બની, પોતાના લાંબા પ્રવાસનો થાક ભૂલી, નાચી ઉઠ્યા !



## સન્માન પત્ર

પરમવંદનીય જગદમ્બા સ્વરૂપ પૂ. મા સર્વેશ્વરી,

આપ અમારી વચ્ચે જન્મ્યાં, મોટાં થયાં, ભણ્યાં ને ગણ્યાં તથા ત્યાગી બની પરમાત્માના પ્રકાશના પંથે પરિપૂર્ણ થયાં તેના સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય કપૂરા ગામ સમસ્તને પ્રાપ્ત થયું તે એક નાની સૂની ઘટના ન ગણાય. શ્રી રામ કબીર ભકત સમાજના અને સમસ્ત ગુજરાતના આધ્યાત્મિક ઇતિહાસમાં એ ઘટના સુવર્ણ અક્ષરે લખાશે ત્યારે માનવ સમાજને એના મહિમાનો ખ્યાલ આવશે. આપના સદ્‌ગુરુદેવ મહાત્મા શ્રી યોગેશ્વરજીના પાર્થિવ તનુની વિદાયની ક્ષણથી એટલે કે ૧૮ માર્ચ ઇ. સ. ૧૯૮૪ના દિવસથી આપ શુદ્ધ સ્વરૂપે ઉપવાસી જીવન ગુજારી તપી રહ્યાં છો એ આ જગતને માટે આજે તો મોટો ચમત્કાર છે. આટલા લાંબા ઉપવાસો છતાં રોજિંદા જીવનની નૈમિત્તિક ક્રિયાઓ ખૂબ જ સ્વસ્થપણે તંદુરસ્ત માણસ કરે તેનાથી પણ વધુ ચોકસાઇપૂર્વક કરો છો તે જોઇને અમારા હૃદયમાં આપને માટે અહોભાવ પેદા થાય છે. નવ નવ દિનો સુધી નિર્જળા ઉપવાસ દ્વારા રામાયણનું કે ગુરુ લીલામૃત જેવા સ્વરચિત ગ્રંથનું અનેકવાર પારાયણ કરી આપે અમોને આપના પાર્થિવ પંચ મહાભૂતના કૃશ શરીરમાં આવિર્ભાવ પામેલી પરમ શકિતનો પરિચય કરાવી દીધો છે.

આધ્યાત્મિક ક્ષેત્રના તમામ ઉત્તમોત્તમ શિખરો આકરી તપશ્ચર્યા દ્વારા આપે સર કર્યાં છે અને આપે આપના ગુરુ-વર્યનું નામ સમસ્ત જગતમાં અનેરી રીતે રોશન કર્યું છે એ જાહેર કરતાં અમે ગામવાસીઓ ગૌરવની લાગણી અનુ-ભવીએ છીએ. ત્યાગને પંથે પરમાત્માને પોતાની જાત સમર્પિત કરી દીધા પછી ગુરુભકિતની પગદંડી પર યાત્રા કરતાં કરતાં આપમાં આવિષ્કૃત થયેલું ભકિતનું ઉત્કૃષ્ટ સ્વરૂપ અમારે માટે તો વંદનીય છે.

તેથી અમારે મન આપ મહામાનવ છો. વળી જે વ્યકિત ઇંદ્રિયોથી અને મનથી પર થાય છે તે વ્યકિતને ભારતીય સંસ્કૃતિની પરંપરા મહામાનવ તરીકે ઓળખાવે છે તે યથાર્થ જ લાગે છે. આપ તે માટે દૃષ્ટાંતરૂપ છો એમ કહેવામાં લેશ-માત્ર પણ અતિશયોકિત થતી નથી. ઈ. સ. ૧૯૭૮ માં ગુરુ-સેવા નિમિત્તે આપે કરેલો ગૃહત્યાગ અમારે માટે તો એક અસાધારણ પ્રસંગ છે. અનેક વર્ષોસુધી આચાર્યના પદ પર પ્રતિષ્ઠા પામ્યા પછી તેવા ગૌરવપદ મોભાનો એક ક્ષણમાત્ર-માં આપે કરેલો ત્યાગ આપના દૃઢ મનોબળનો દ્યોતક છે. આપની અપરિગ્રહવૃત્તિ, અનાશકિત અને વિરકિત આપના વર્તનમાં ત્યારપછી અનુવાદિત સતત થતી રહી છે.

અમેરિકા, ઇંગ્લાન્ડ, કેનેડા ને આફ્રિકા જેવા દેશોમાં સતત સાડાચાર વર્ષોના કઠોર ઉપવાસની અવસ્થામાં આપે ગુરુભકિતનો અને પરમાત્માની પરમશકિતનો ધ્વજ લહેરાવી ભારત દેશની સંત પરંપરાને ઉજ્જવળ બનાવી છે તેથી અમારાં



હૈયાં આનંદથી નાચી ઊઠ્યાં છે. આપના શરીરમાં સોળે કળાએ જગદમ્બાનું સ્વરૂપ કરુણામયી લિપિમાં ખીલી ઉઠ્યું છે તે જોઈ અમોને સદ્ગુરુ કબીર સાહેબની યાદ આવે છે.

" સબ ઘટ મેરા સાંઇયા, સૂની સેજ ન કોઇ;
બલિહારી વો પુરુષકી, જા ઘટ પરગટ હોઇ. "

તેથી અમને લાગે છે કે અમે તો શું આપનું સ્વાગત કરી શકીએ ? પરમાત્માની કૃતિ સમાન આ જગતનું અને આ જગતમાં પ્રસરેલા જન સમાજનું ભકિત દ્વારા આપ સન્માન જ કરી રહ્યા છો. ગરીબ હોય કે તવંગર હોય, નિંદાખોર હોય કે પ્રસંશક હોય, સુખથી છલકાતા હોય કે દુઃખ દર્દથી પીડાતા હોય, પણ સર્વ તરફ આપ સરખી જ કરુણા વહેવડાવો છો તે આ જગતની સન્માનજનક ઘટના નથી શું ? પ્રત્યેક શરીરમાં પરમાત્મા ભાવથી એક જ સ્વરૂપ-ની પ્રતીતિ કરવાની આપની કૃપાદૃષ્ટિ માનવ હૃદયમાં પરમા-ત્માની ભકિતનું જ સન્માન કરતી જોઈ અમે આપના શ્રી ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ કર્યા વિના રહી શકતા નથી.

આપ સદૈવ સ્વસ્થ રહો અને દીર્ઘાયુ બની અમોને કાયમ પ્રેરણારૂપ બની રહો એવી અંતરથી પ્રાર્થના કરી અમે આજે આપનું અભિવાદન કરીએ છીએ.

લિ૦ અમો છીએ,
તા. ૨૨-૧-૮૯ આપના જન્મસ્થળના
કપૂરા તમામ ગામપરિવારો

## જાગો ! ઊઠો !

રાગઃ—વસંતતિલકા

સંસારના રસથી ઊઠતી ઉર દુગ્ધા,
સંસારના રસથી ખૂબ થતા કઢાળા,
એવા જ સર્વ વ્યવહાર મહીં ડૂબો કાં !
જાગો ! ઉઠો ! સમય વ્યર્થ ગુમાવશો ના.

ખાબોચિયા મહીં ન ડૂબી હવે રહેશો,
ને ઊર્ધ્વગામી ઊડવા ઉર ખૂબ ચ્હાશો,
જે ભાવનાધન મળ્યું પ્રભુની કૃપાએ,
એનો કરો સતત સદ્વ્યય પ્રેમથી તે.

હૈયાથી રેલ રસની પ્રભુપાદ પદ્મે,
ને ત્યાં ઉમેરી ગતિ પ્રેમની વ્હેવરાવો,
સંસારનો રસ બધો પછી તુચ્છ લાગે,
સંસારમાં રસ પછી પ્રભુનો જણાશે.

(પૂ. મોટા)



# વિષાદનો સાદ

ભરતભાઇ વિઠ્ઠલભાઇ ભક્ત

જન્મથી મૃત્યુ પર્યંતના ગાળાને અથવા તબક્કાને આપણે જિંદગી અથવા તો જીવન કહીએ છીએ. બાળક જન્મ લે છે તેજ ઘડીએ મૃત્યુ સામેથી ગતિ કરતું આવે છે. કોઇવાર એ સસલાની ગતિએ આવે છે, કોઈવાર કાચબાની તો કોઇવાર ગોકળગાયની ગતિએ આવે છે, અને કોઇકવાર તો એ રોકેટની ગતિએ પણ આવે છે. ગમે તે ગતિએ મૃત્યુ આવે પરંતુ એ આવે આવે ને આવે જ! મૃત્યુનો હજી કોઇ વિકલ્પ શોધાયો નથી અને શોધાશે પણ નહિ.

આપણે જાણીએ છીએ કે સરિતાનો માર્ગ કદી સરળ હોતો નથી. એના માર્ગમાં અનેક વિટંબણા આવે છે. છતાં એની લેશમાત્ર પરવા કર્યા વિના એ તો મંજિલે પહોંચે જ છે. માર્ગમાં આવતી વાસ્તવિકતાનો સ્વીકાર કરીને જ એ વહેવાનું ચાલુ રાખે છે. અને નરી વાસ્તવિકતાનો સ્વીકાર કરીને જ જે આગળ વધવાનું ચાલુ રાખે તેની જીવનકિતાબ-માંથી "નિષ્ફળતા" જેવો શબ્દ મળે ખરો ?

આજ કાલ જીવાતા જીવન પ્રત્યે દૃષ્ટિ કરીશું તો આપણામાના કેટલા જણ સાચી રીતે જીવે છે ? આપણને સારી રીતે જીવવાનું પસંદ છે, સાચી રીતે જીવવાનું નહીં ! આપણે જેવા દેખાવા મથીએ છીએ તેવા હકીકતમાં હોતા નથી. આપણું સ્વરૂપ પળેપળ બદલાય છે. આપણો ચહેરો સંજોગાનુસાર ચોરસ, લંબચોરસ, ત્રિકોણ કે પંચકોણ જેવો બનતો રહે છે. આવી પડેલી વાસ્તવિકતાનો સ્વીકાર કરવાની

આપણામાં ગુંજાયશ નથી! આપણે કદાચ સત્યના ચાહક, ઉપાસક કે આગ્રહી તરીકે આપણી જાતને ઓળખાવીશું પરંતુ સત્યના ખોજી બનવાનું કૌવત તો આપણાથી જોજનો દૂર છે.

જગતનો પ્રત્યેક માનવી કોઇને કોઇ પ્રકારના અજંપા કે વિષાદના ભાર તળે દબાયેલો છે. આપણો વિષાદ એ અર્જુનનો વિષાદયોગ બને એમ આપણે ઇચ્છીએ છીએ, પરંતુ અર્જુન જેટલી ઋજુતા અને શરણાગતિની ભાવના કેળવ્યા વિના જ! અર્જુનનો વિષાદ તો નિર્મળ અને નિર્ભેળ હતો. ૨૪ કેરેટના સોના જેવો! આપણા વિષાદમાં તો અનેક પ્રકારની ભેળસેળ થઇ ગઇ છે. કૃષ્ણ જેવાને આપણા જીવન રથના સારથિ બનાવીએ તો આપણો વિષાદ એ ખરો વિષાદયોગ બની શકે! કૃષ્ણ તો સારથિ બનવા તૈયાર જ છે, પરંતુ આપણમાં અર્જુન બનવાની તાકાત હોવા છતાંય અર્જુન બનવા તૈયાર નથી.

આપણે આપણી જાતને માણસ તરીકે ઓળખાવીએ છીએ પરંતુ માણસ હોવું એટલે શું તેની સમજ આપણમાંના ઘણાંને હોતી નથી. આપણી વ્યક્તિતાને પાંખો ફૂટે તો એ કેટલી વ્યાપી શકે અને શું પામી શકે એનો ખ્યાલ આવવાની માંડ શરૂઆત થાય ત્યાં તો જીવનનો વીંટો વળી જાય બિશપ કાલિસ્ટોસ સાચું જ કહે છે : "ભગવાન આપણને નર્કમાં નથી રાખતો. આપણે જાતે જ એમાં પડીએ છીએ. જ્યાં સુધી નર્કના દરવાજાના તાળાને સંબંધ છે ત્યાં સુધી એક વાત ચોક્કસ કે એ તાળું અંદર લટકતું હોય છે."

મોહના મૂળમાંથી જ આપણા વિષાદના અંકૂરો ફૂટે છે. આજની ત્રસ્ત, ગ્રસ્ત અને તાણયુકત વ્યસ્ત માણસજાતની



સર્વોત્તમ ઝંખના શાંતિની છે. તોપના નાળચામાં માળો બાંધીને રહેતા પંખીની જેમ આપણે સૌ વિષાદયુકત અવસ્થામાંથી પસાર થઈ રહ્યા છીએ. એક તરફ વિજ્ઞાન આનંદમય જીવનની લાલચ આપી રહ્યું છે તો બીજી તરફથી એ જ વિજ્ઞાન સર્વનાશના બિહામણાં ડોળાં કાઢીને આપણને થથરાવી રહ્યું છે. બે બળવાન લશ્કરી જૂથોએ આજની દુનિયાને વહેંચી લીધી છે. બંને મહાસત્તાઓ એક બીજાને સામે બાખડવા માટે ટાંપીને બેઠી છે. લશ્કરી તાકાતના સમીકરણો પળેપળ મંડાતા રહે છે. બે નવાબના કૂકડા લડે અને જેનો કૂકડો જીતે તે નવાબ વિજય મનાવે એમ પ્રોકસી યુદ્ધો દુનિયામાં ચાલી રહ્યાં છે. બુદ્ધનો માર્ગ છોડીને દુનિયા યુદ્ધના પંથે પરવરી છે પરવરી છે. હવે પછીનું ત્રીજું વિશ્વયુદ્ધ કેવું હશે એ કહી શકાય નહિ પણ ચોથું વિશ્વયુદ્ધ તો માત્ર લાકડી, પથ્થરો, ભાલાં વગેરેથી જ લડાશે એમ વિચારકો કહે છે. યુદ્ધ એ સેતાની માનસનું સ્ફોટક ફરજંદ છે, જ્યારે શાંતિ એ દિવ્ય માનસનું રૂપાળું સંતાન છે. માણસજાતનો ઇતિહાસ એ યુદ્ધનો ઇતિહાસ છે જ્યારે શાંતિની ઝંખના એ એનું હસીન સપનું છે. મહાભારતનું યુદ્ધ એ સૌથી મોટું યુદ્ધ હતું. આજે તો "મહાભારત" માત્ર વંચાતું કે જોવાતું જ નથી, ઠેર ઠેર એ "ભજવાઈ" પણ રહ્યું છે. "મહાભારત" શબ્દ જ "યુદ્ધ" શબ્દનો પર્યાય બની ગયો છે. વિશ્વની વાત જવા દઇએ તોય આપણા આ મહાભારતમાં આજે કેટલાયે "મહાભારતો" ચાલી રહ્યાં છે જેનું વર્ણન કરવા માટે કદાચ મહાન મહર્ષિ વ્યાસની કલમ પણ વામણી પડે!

સમગ્ર જગત આજે જ્વાળામુખીની ટોચ પર આવીને બેઠું છે. આજનું જગત બુદ્ધિના અભાવથી નહિ પણ બુદ્ધિના

દુરુપયોગથી અને વ્યભિચારથી પીડાઇ રહ્યું છે. અણુશકિત દ્વારા જગતની ગરીબીને ફેડી શકાય એમ છે અને અણુબોમ્બ દ્વારા જગતને ક્ષણવારમાં ખતમ કરી શકાય છે. આપણે તો અણુશકિતને લાત મારીએ છીએ અને અણુબોમ્બને ગળે લગાડીએ છીએ. વિશ્વનો પ્રત્યેક સૂર્યોદય નવું યુદ્ધ લઇને જ ઊગે છે અને પ્રત્યેક સૂર્યાસ્ત એ યુદ્ધે વેરેલા વિનાશ અને ભયાનક રકતપાતથી અંજાઇને આથમે છે. આપણી આવનારી પેઢીઓ પાસે જીવવા માટે અને આશા રાખવા માટે પૂરતા કારણો પણ નહિ હોય! જીમી કાર્ટરે પણ કહ્યું છે કે "બીજા વિશ્વયુદ્ધમાં કુલ જેટલા માણસો મર્યા તેટલા માણસો હવેના યુદ્ધમાં પ્રત્યેક સેકન્ડે મરશે. હવેનું યુદ્ધ વિશ્વના પ્રત્યેક આદમીને સ્પર્શે છે. હવેના યુદ્ધમાં કોઈ વિજેતા નહિ હોય, કેવળ કબ્રસ્તાન જ હશે."

આપણે જો આપણો વિષાદ ફેડવો હશે તો યુદ્ધના માર્ગેથી પાછા વળ્યા વિના છૂટકો જ નથી. વિશ્વના મહાન પુરુષો અને સંતોના આદેશોનું પાલન કરવું જ પડશે. આપણી સંકુચિતતાને તિલાંજલી આપીને દીર્ઘદૃષ્ટિ વિકસાવવી પડશે. "જેણે એકેય પાપ ના કર્યું હોય તેવો માણસ પહેલો પથ્થર ફેંકે"—ઇશુની આ વાત ગળે ઉતારવી જ પડશે. યહૂદી ગ્રંથ તાલમુદમાં પણ જણાવ્યું છે કે "જે માણસ એક જીવ બચાવે છે, તે આખું જગત બચાવે છે. અને જે માણસ એક જીવને હણે છે તે આખા જગતને હણે છે!" આપણે તો હણવાની જ તાકાત ધરાવીએ છીએ. બચાવવાની બાબતમાં આપણે કાયર કે માંયકાંગલા પૂરવાર થઈ શકીએ છીએ. સજ્જન સાથે બેસીને નિષ્ફળ થવા કરતાં દુર્જન સાથે બેસીને સફળ થવામાં આપણે ગૌરવ અનુભવીએ છીએ.



આપણે જીવનની સાર્થકતા ક્ષેત્રફળમાં જ માપીએ છીએ. જીવનમાં ઊંડાણ કે ઊંચાઇનું મહત્ત્વ આપણને ઝટ સમજાતું નથી. આપણે તો કમ્મરપૂર પાણીમાં ઊભા રહીને રેતીના ટોપલાં કાઢતા કાઢતા મોતી પામવાનો "ભગીરથ પુરુષાર્થ" કરીએ છીએ! પણ એમ મોતી મળે ખરા? મોતી મેળવવા માટે તો મરજીવા બનીને સાગરને તળિયે ડૂબકી મારવી પડે! આપણને તો ડૂબતાં જ આવડે છે, ડૂબકી મારતા નહીં! જે ડૂબકી મારતા શીખી ગયો એના જીવનમાં કશાનીય ઉણપ રહે ખરી?

પરમાત્માએ આપણને વૈચારિક શકિત આપી છે. આપણા વિચારો એ જ આપણો આચાર બને છે. વિચારો જેટલા ઊર્ધ્વગામી તેટલો જ આચાર ઉત્તમ અને તેટલું જ જીવન સર્વોત્તમ. અમુક બાબતોમાં આપણી દૃષ્ટિ છોડીને બીજાની દૃષ્ટિએ વિચારીએ તોય અમુક ઉપાધિઓ ટળી જાય જ્યારે અમુક બાબતો બીજાની દૃષ્ટિ છોડીને આપણી દૃષ્ટિએ જ વિચારવા જેવી હોય છે. દૃષ્ટિભેદની કલા હસ્તગત કરવા જેવી ખરી! દૃષ્ટિભ્રમથી અલિપ્ત રહેવામાં જ મજા છે. પ્રત્યેક યુગે વિચારોનું વિશુદ્ધીકરણ, વિશ્લેષણ અને નવીન અર્થઘટન થતું રહે તો જ સંસ્કૃતિનો રથ ચાલતો રહે. સંસ્કૃતિ અને સરિતાને સદીઓ પુરાણું સગપણ છે. સરિતાના વહેણને દિશાલક્ષિતા હોય છે. સંસ્કૃતિને પણ ચોક્કસ દિશાલક્ષિતા કે મંઝિલ હોય છે. નાઇલ કે સપ્તસિંધુની સંસ્કૃતિ હોઇ શકે. તળાવ, સરોવર કે ખાબોચિયાની સંસ્કૃતિ કદાપિ ન હોઈ શકે! ખાબોચિયાને જ સંસ્કૃતિ માનનારા માણસો કૃષ્ણની પૂજા કરે તોય શું ને ન કરે તોયે શું? જગતની અનેક સંસ્કૃતિઓ કાલક્રમે નાશ પામી. ભારતીય સંસ્કૃતિ હજી ટકી રહી હોય તો તેનો યશ એ સંસ્કૃતિએ ઊગાડેલા

વિચારોને ફાળે જાય છે. પ્રત્યેક યુગે કોઇને કોઇ દૈવી પુરુષ આપણી વચ્ચે ભારતીય સંસ્કૃતિનો દૂત બનીને આવે છે. કોઇવાર એ બુદ્ધરૂપે, મહાવીરરૂપે, રામકૃષ્ણ પરમહંસરૂપે, વિવેકાનંદરૂપે, મહર્ષિ અરવિંદ કે રમણ મહર્ષિરૂપે, કૃષ્ણરૂપે મહાત્મા યોગેશ્વરરૂપે, રામરૂપે કે પછી માતાજીરૂપે– કોઇને કોઈ સ્વરૂપે આપણી સંસ્કૃતિનું વહન ચાલુ જ રહે છે. કારણ કે આપણે હજી વિચારવાનું માંડી નથી વાળ્યું. આપણે કદાચ લેણાં માંડી વાળીએ, દેવું માંડી વાળીએ કે તકરાર માંડી વાળીએ એ બરાબર છે. પણ વિચારવાનું માંડી વાળીએ તો આપણી સંસ્કૃતિનું પતન જ થઈ જાય અને એથી જ તો માલ્કમ મુગેરિજ ભારત આવ્યા ત્યારે તેમણે કહેલું કે, "આ એક એવો દેશ છે જ્યાં વિચારવાનું માંડવાળ કરવાનું સાવ અશક્ય જ છે."

કુરુક્ષેત્રના મેદાનમાં કૃષ્ણે જે કહ્યુ તે અર્જુને આંખ મીંચીને સ્વીકારી લીધું નહોતું. એણે એમ કર્યું હોત તો આપણને ભગવદ્ગીતા ન મળત. કૃષ્ણ બે સ્વરૂપે કામ કરે છે. સર્ચલાઇટ બનીને એ જીવનમાં ઉજાસ પાથરે છે અને દીવાદાંડી બનીને જીવનસાગરમાં અથડાતી નૌકાને એ રોકે છે. અર્જુને કૃષ્ણને પ્રશ્નો પૂછયા અને તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું. તેનો મોહ અને વિષાદ દૂર થયા. કારણ કે તેના પ્રશ્નો અને તેની વચ્ચે અંદરનો સંબંધ હતો. વિષાદનો સાદ સાંભળીને, એને નષ્ટ કરીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે એ આવશ્યક છે. આપણા તો પ્રશ્નો જ છીછરા છે અને તેથીયે વધુ આપણે છીછરા છીએ. આપણો પ્રશ્ન તો ઉત્તરધ્રુવમાં અટવાય છે અને આંતરિક સંબંધ દક્ષિણધ્રુવમાં દબાયેલો પડેલો છે.

આપણા દુઃખનું એક કારણ દુનિયાના સજ્જનોની



નિષ્ક્રિયતાને આભારી છે. દુર્જનની દુર્જનતા કરતાં સજ્જનની નિષ્ક્રિયતા વધુ ખતરનાક છે. સજ્જન જ્યારે પાણીમાં બેસી જાય છે ત્યારે દુર્જનને ચડી વાગે છે. દુર્જનની સક્રિયતા આપણને લગભગ પૂરેપૂરી સદી ગઈ છે, મૃદંગની જેમ બંને બાજુથી ટપલાં ખાવા પડે તો પણ સજ્જને હવે નિષ્ક્રિય બનવાનો વખત ચાલ્યો ગયો છે.

રાવણની સામે રામ જો નિષ્ક્રિય બનીને બેસી રહ્યા હોત તો? કૌરવની કુટિલતા સામે પાંડવો પલાંઠી વાળીને બેસી રહેત તો? દુર્જનોની નોબત સામે સજ્જનનો એક જ રણટંકાર પૂરતો છે. કોલસો પોતાની કાળાશ છોડતો નથી તો પછી દૂધે પોતાની ધોળાશ તજવાની જરૂર છે ખરે?

વૈષ્ણવ થવા કરતા વૈષ્ણવજન બનીને આપણા વિષાદના સાદને સાંભળવા માટે શ્રવણેન્દ્રિયને કેળવીને અર્જુનની જેમ ઊભા થઇએ અને અડીખમ યોદ્ધા બનીને આત્મજ્ઞાન આત્મસાત કરીએ એ જ અભ્યર્થના.

ભરતભાઈ વિઠ્ઠલભાઇ ભક્ત. મુ. ધલુડા, પો. તા. પલસાણા, જિ. સુરત.

કોઇપણ માનવી આતુર ભાવથી ગદ્ગદ થઇને અનન્ય ભાવે શરણ લઈ, કેવળ ઈશ્વરને જ પ્રાર્થના કરે છે, તો પ્રભુ તેનો પોકાર સાંભળે છે.

માનવ સૃષ્ટિ પર સુખની સ્થાપના એકતા દ્વારા જ થશે.
શાંતિ એટલે ઇન્દ્રિયોની વાસનામય ક્રિયાઓનો ત્યાગ.
લાલચમાં લપટાશો તો ફસાવાનો ભય રહેશે.
પ્રારબ્ધનો સંબંધ ભોગની સાથે છે, ભક્તિ સાથે નહિ.

## આત્મજ્યોતિ

વ્યથા તણા ઓઘ ઊમટે પ્રચંડ,
ભીંસાવી, ડરાવી જીવન ગૂંગળાવે !
મિત્રો, સગાં કામ જ્યહીં ન આવે,
ત્યહીં ‘ દૃષ્ટિ ’ દઈ, આત્મજ્યોતિ ઉગારે !

## પ્રાર્થનાભાવ

પ્રયત્નોની મથામણમાં, મળે ઉકેલ ના જ્યારે,
નીરવ એકાન્તમાં જઈને, પ્રભુને સાદ દો ત્યારે !
જણાવો પ્રાર્થનાભાવે, હૃદયમાં આર્દ્રતા લાવી,
પરમ આ પ્રાર્થના-શક્તિ, ઊંડા ઉકેલની ચાવી !

## યોગક્ષેમ

પ્રભુમાર્ગે વળે છે જે, પ્રભુ તેને મથાવે છે !
મથાવીને ચલાવે છે—પથે આગળ ધપાવે છે !
કદીક ગબડી પડાતું જ્યાં, કદીક ઢગલો થવાતું ત્યાં,
અકળ રીતે ‘ છતો ’ થઈને, ખબરદારી રખાવે છે !

—રતિલાલ ભાવસાર

—*—



## बलमूपासित्

(ગતાંકથી ચાલુ)

પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

ધર્મની કે સ્ત્રીઓના શીલની રક્ષા કાજે તથા તીવ્ર આગ્રહપૂર્વક ધારણ કરાયેલા કોઈ ટેક કે પ્રતિજ્ઞાઓના પાલન માટે મધ્યકાળમાં અનેક રાજાઓએ અને રજપૂતોએ લોહીની નદીઓ વહેવડાવી હતી. સંખ્યાબંધ લોકોએ કુરબાની અને કેસરિયાં કર્યાં હતાં કે શહાદત સ્વીકારી હતી. અરે, વસિષ્ઠની બરાબરી કરવા તત્પર એવા રાજર્ષિ વિશ્વામિત્રે તો અનેક વખત નવીન સ્વર્ગ રચવા પાછળ પોતાની શકિતનો દુર્વ્યય કર્યો હતો. અવતારતુલ્ય ગણાતા પરશુરામે પોતાના વીર્યનો વિનિયોગ નિઃક્ષત્રિય પૃથ્વી કરવા માટે કર્યો હતો. અને તે પણ કેવળ પોતાના પિતાનું વૈર વાળવા માટે ! એક સાધ્વીના શિષ્યની રક્ષાના નિમિત્તે મુનિવર કાલિકાચાર્યજીએ અવંતી· પતિને ઉખેડી મૂકયા હતા. આવાં આવાં તો અસંખ્ય ઉદાહરણો શાસ્ત્રો, પુરાણો અને ઇતિહાસના પાને નોંધાયેલાં છે. મુસ્લિમોની શહીદીનાં પણ અનેક ઉદાહરણો છે, જેમાં ઇમામ હુસેન અલી ઇબ્રાહીમ, ઇસ્માઇલ વગેરેનાં સર્વોત્કૃષ્ટ છે. ગ્રીક અને રોમની સંસ્કૃતિનો ઇતિહાસ પણ વીરો અને વીરાંગનાઓની શહાદતોથી ભરપૂર છે. એ બધમાં રાજસી બળનાં પરાક્રમો અને પરિણામો જોવા મળે છે. એ તો ત્રાંબાના પાત્રમાં ભરેલા વિશુદ્ધ જવ જેવું છે.

આ તામસ અને રાજસ સિવાયનું અને તે બંનેથીય ઉચ્ચ કોટીનું બળ તે સાત્ત્વિક બળ છે. એ ઓજસ્ નામથી પણ ઓળખાય છે. એની સમજૂતી માટે વિશેષ વિશ્લેષણની જરૂર જણાતી નથી. જેમાં પોતાનો અંગત સ્વાર્થ બિલકુલ

ના હોય, જેમાં કેવળ પરાર્થ કે પરોપકાર હોય, અથવા ધર્માર્થ–પ્રભુપ્રીત્યર્થે પ્રવૃત્તિ હોય તેમાં ન્યાય અને ધર્મ રીતે નિયુક્ત થતી શક્તિ તે સાત્ત્વિક શક્તિ છે. એક સુભાષિતમાં વૃક્ષ, સરિતા અને ધરતીનાં દૃષ્ટાંતો દ્વારા સત્ય પ્રતિપાદિત કર્યું છે કે परोपकाराय सतां विभूतयः । હજારો સંતો, યોગીઓનાં પ્રસિદ્ધ ઉદાહરણો આપણી પાસે મોજુદ છે. દુષ્ટોના વિનાશને ખાતર પોતાનાં અસ્થિઓનું સ્વેચ્છાએ અને શાન્તિપૂર્વક વિસર્જન અને દાન કરનારા પૌરાણિક દધીચિનું સ્મરણ કરાવનાર, પોતાના મુઠ્ઠીભર હાડકાના કણ-કણમાં અપૂર્વ આત્મબળ ધરાવનાર આધુનિક યુગના દધીચિ-મહાત્મા ગાંધીજીના સત્ત્વબળની પ્રતીતિ તો માત્ર ભારતના જ નહીં પણ વિશ્વભરના લોકોને થઈ છે. પ્રતિકાર કરવાનું પોતાનામાં સામર્થ્ય હોવા છતાં ઝેરી નાગોનાં ડંખને હસતા મુખે સહન કરનાર મહાવીર તથા ચક્રવર્તી ભરતનો ભુક્કો કરી નાખવાને ઉપાડેલા હાથથી પોતાનું જ મસ્તક મૂંડતા બાહુબલિ અને માતાના વાત્સલ્યના અમી ઝરણમાં સ્નાન કરી પોતાને સુધન્ય માનનાર પરંતુ પિતાના આજ્ઞાના પાલન-ની ફરજને શિરોમાન્ય ગણી એ જ માતાનો શિરચ્છેદ કરનાર પરશુરામ સત્ત્વબળના આદર્શ નમૂનાઓ છે. વિશ્વામિત્રને વિદારી નાખવાની અમોઘ શક્તિ ધરાવતા હોવા છતાં સત્ત્વ-મૂર્તિ વશિષ્ઠે માત્ર હાથ ઉંચો કરીને એમનાં હિંસક હથિયારોને શક્તિશૂન્ય બનાવી દીધાં હતાં.

સમરાંગણ પર તરસથી તરફડી રહેલા ઓલિયા ઇબ્રાહીમે પોતાને માટે પ્રાપ્ત થયેલું પાણી બે ડગલાં દૂર શત્રુના સૈનિકને પિવડાવી દઈ એને જીવનદાન કર્યું હતું. પોતાના શરીરમાં પોલાદી તીક્ષ્ણ ખીલાઓને ખુશીથી પ્રવેશવા દઇ ક્રોસ પર ચઢેલા ઇશુએ દેહોત્સર્ગની પળે પ્રતિસ્પર્ધીઓને



આશીર્વાદ આપી તેમને માફી બક્ષવા પરમ પિતાને પ્રાર્થના કરી હતી. આવા તો સેંકડો પ્રસંગો દરેક ધર્મ અને દેશના ઇતિહાસમાં સાત્ત્વિક બળના સમર્થન માટેના મળી આવે છે.

કપિલવસ્તુનું વિશાળ સામ્રાજ્ય, સૌન્દર્યરાજ્ઞી યશોધરા, મોહક મુખમુદ્રાવાળો રાજકુમાર રાહુલ અને નિર્મળ પ્રેમનો અભિષેક કરતી શાક્ય પ્રજાનો એક વૈશાખી પૂર્ણિમાએ પરિ-ત્યાગ કરી તપશ્ચર્યા દ્વારા સિદ્ધાર્થે એવી જ બીજી વૈશાખી પૂર્ણિમાએ પ્રબુદ્ધપદ પ્રાપ્ત કર્યું. પરંતુ સદા શોકસંતાપમાં સંતપ્ત રહેલા પૃથ્વી પરના લોકસમુદાય પ્રતિ અનુકંપાનું વાત્સલ્ય વહાવવા પોતે પ્રાપ્ત કરેલા મોક્ષપદના મહા–આનંદ-નો પરિહાર કરનાર ભગવાન બુદ્ધનું બોધિસત્ત્વબલ અ-પ્રતિમ છે.

અત્યંત વયોવૃદ્ધ છતાં મક્કાની હજ કરવા નીકળી ચૂકેલાં ઇસ્લામ ધર્મના મહાન મહિલા સૂફી સંત હજરત રાબિયા વેરાન રણમાં ઠચુક ઠચુક ડગ માંડી રહ્યાં હતાં ત્યારે તેમની ભક્તિના પાવિત્ર્યબળથી ખેંચાઇ ખુદ 'કાબા' પોતાનું સ્થાન છોડીને સંત રાબિયાનું સ્વાગત કરવા આવ્યા ત્યારે એ પ્રપન્ન પ્રેમમૂર્તિએ કાબાને પણ સ્પષ્ટ સંભળાવ્યું.

"આ તો અલ્લાહનું ઘર છે. મારે એના ઘરનું શું કામ છે?"

ભારતના સુષુપ્ત આત્માને ઢંઢોળીને જાગૃત કરી તેની પુનઃપ્રતિષ્ઠા કરનારા સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, શ્રી રાજચંદ્ર, શ્રી રંગ અવધૂત, શ્રી યોગેશ્વરજી, શ્રી વિશ્વવંદ્ય, શ્રી મોટા, શ્રી જલારામ–વગેરે અસંખ્ય સંતવિભૂતિઓએ પોતાના શીલ–સામર્થ્ય દ્વારા તેમનાં જીવનને માનવજાતિ માટે પથપ્રદર્શક અને પ્રકાશપ્રેરક દીવાદાંડી સમા બનાવ્યાં છે. એ તો સુવર્ણના પાત્રમાં ભરેલા ગંગાજળ જેવું છે.

ગમે તે પ્રકારનું બળ હોય પણ બળ તે બળ જ છે. અને તે સર્જન, સ્થિતિગતિ-વિકાસ અને વિકૃતિ-વિનાશ—એ ત્રણેય કાર્યો માટે અનિવાર્ય છે. તે પ્રભવ અને પ્રલય બંને કરવાનું સામર્થ્ય ધરાવે છે. બીજા બધા પદાર્થ અને પશુ-પંખીઓના બળનો ઉપયોગ મહદંશે કુદરત પર આધાર રાખે છે. પણ એક મનુષ્ય જ એવો છે કે જેને પરમાત્માએ મન-મતિની સવિશેષ ભેટ આપી છે એટલું જ નહીં પણ તેના ઉપયોગ-સદુપયોગ-દુરુપયોગ કે અનુપયોગ માટે તેને સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે.

માનવી પાસે વિચારનું અતુટ બળ છે, સંકલ્પની અમોઘ શક્તિ છે. તેના વડે તે પોતાની અને અન્યની, વ્યક્તિની અને સમષ્ટિની પ્રગતિ કે અધોગતિ કરી શકે છે. આ બળના સમ્યક્ ઉપયોગ દ્વારા તેણે સંસ્કૃતિઓ સર્જી છે, કલાકેન્દ્રો અને વિદ્યાધામો વિકસાવ્યાં છે, ભાષા અને સાહિત્યનાં સંશોધનો કર્યાં છે. ચન્દ્ર પર ઉતરાણ કર્યું છે. અવકાશયાનો તરતાં મૂક્યાં છે. ઊર્જા-સૌર શક્તિની અનેકવિધ સંભાવનાઓ દ્વારા માનવજાતિને અકલ્પ્ય સુવિધાઓ અને સુખોનો ઉપ-ભોગ કરવા માટે અધિકારી બનાવી છે....પણ એ જ વિજ્ઞાનના શક્તિ સ્ફોટે બબ્બે વિશ્વયુદ્ધોની ભેટ આપવા ઉપરાંત, હવે વધુ વેગીલા અને ભીષણોગ્ર અતિવિશાળ પાયા પરના વિનાશની સામગ્રીઓનું પણ ઉત્પાદન કરી રહ્યું છે. જાણે જગત ભડભડતા જવાળામુખી પર બેઠું છે!

મુદ્દાની વાત તો એ છે કે મનુષ્યેતર સજીવો પરતંત્ર હોઈ તેમની સ્થિતિ કે તજ્જન્ય પરિણામો માટે તેઓને જવાબદાર લેખી શકાય તેમ નથી. પરંતુ મનુષ્યને તો વિશિષ્ટ અધિકાર અને સ્વાતંત્ર્ય આપીને ઈશ્વર કે કુદરત દૂર રહ્યાં છે. તે મનુષ્યની કામગીરીમાં ડખલ કરતો નથી કે કરી શકતો



ય નથી. અલબત્ત મનુષ્યની પ્રવૃત્તિ પર નિયતિ-શક્તિનું નિયંત્રણ તો છેજ, પણ નિયતિ કાંઇ સર્વોપરિ નથી જ. પોતાની નિયતિ વ્યક્તિએ પોતે જ નિર્માણ કરી હોય છે, અને કરતો હોય છે. તત્ત્વતઃ તો તે નિયતિનો નિયામક છે. મનુષ્ય પોતાના બુદ્ધિબળથી નિયતિ સાથે સહકાર-સમાધાન સાધી નિયતિની શક્તિનો પોતાના-માનવજાતિના-કલ્યાણ માટે વિનિયોગ કરવા સમર્થ છે. તેનામાં એ અપ્રતિમ બળ રહેલું છે. એના પ્રત્યે તેણે સભાન સચેત જાગૃત થવું જોઇએ.

મનુષ્યદેહમાં બુદ્ધિ નિર્ણાયક-નિયામક છે. કહ્યુ છે ને કે बुद्धिर्यस्य बलं तस्य। 'જેની બુદ્ધિ તેનું બલ' એમ નહીં પણ બુદ્ધિ એજ બળ છે. બુદ્ધિ બલિષ્ઠ છે. અંગ્રેજીમાં પણ કહેવત છે કે બુદ્ધિ દ્વારા મનુષ્ય જ્ઞાન પ્રાપ્ત કરવા સમર્થ બને છે. અહીં કયી બુદ્ધિ અને કયું જ્ઞાન અભિપ્રેત છે? સામાન્ય બુદ્ધિ અને સામાન્ય જ્ઞાન નહીં. જ્ઞાનની શક્તિ આપે તે બુદ્ધિ. અને જ્ઞાન રાજસ્ કે તામસ નહીં પણ સાત્ત્વિક જ્ઞાનનું પ્રદાન કરે તેવી બુદ્ધિ, સરસ્વતી. તાત્પર્ય કે બુદ્ધિની શુદ્ધિ દ્વારા તે તત્ત્વજ્ઞાન એટલે કે આત્મજ્ઞાનનો અધિકારી બને છે. તેથી તો ગીતામાં કહ્યુ છે કે सत्त्वात्संजायते ज्ञानम् । બુદ્ધિ એના વિહિત બળ દ્વારા સત્ત્વ બળ પેદા કરે તો તે સત્ત્વબળથી આત્મજ્ઞાનના દ્વાર આપોઆપ ઊઘડી જાય છે.

અને આત્મબળથી અધિક ઉત્કૃષ્ટ બળ બીજું હોઈ શકે ખરું? જેને જાણવાથી કાંઈ બીજું જાણવાનું રહેતું નથી, જેના પામ્યા પછી બીજું કાંઈ પામવાનું રહેતું નથી તે આત્મા-आत्मानं त्रिद्धि નો જ પડઘો બાઈબલના Know Thyself માં પડે છે... અને આત્માની ઉપલબ્ધિ થઇ એટલે પેલો પરમ આત્મા (પરમાત્મા) પછી કયાં છુપાઈ શકવાનો

છે? એ પકડાયો જ જાણો ને!

સારાંશ કે પ્રત્યેક મનુષ્યે-સવિશેષપણે સાધકે વીર મહાવીર-આત્મવીર બનવાનું છે. એ જ એના જીવનનું પ્રયોજન છે, અને તે માટે બળની ઉપાસના અનિવાર્ય જ નહીં પણ આવશ્યક છે. એ શક્તિનો સ્ત્રોત એની પોતાની અંદર જ અંતર્હિત છે. એને ઓળખી-પામીને વીરત્વને વરવાનું છે.

તંત્રશાસ્ત્ર (અને મંત્ર શાસ્ત્ર)ની ફળશ્રુતિ પણ વ્યક્તિને વીર બનવાનો અનુરોધ કરે છે, પરમેશ્વરની આ પરમેશ્વરી સતી શક્તિને ઉપનિષદોમાં उमा हैमवती જેવી રહસ્યમય સંજ્ઞા આપી છે. તેને શિવસ્વરૂપ આત્માની ઇચ્છાશક્તિ કે કલ્પના-શક્તિ રૂપે વર્ણવતા તંત્ર શાસ્ત્રમાં કહ્યું છે કે.

इच्छा शक्तिरुमाकुमारी ( शिवसूत्रः २-१३ )

માટે જ પેલા ઉપનિષદના ઋષિએ શિષ્યને ત્રણવાર અનુરોધ કર્યો કે.

बलमुपासीत् । बलमुपासीत् । बलमुपासीत् ॥


શ્રી યોગેશ્વર કૃપા.

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોટી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.




# અતિમાનુષનું અવતરણ

ભાઈલાલભાઈ છાટબાર

પરમશક્તિના વિશ્વનિર્મિતિ-કાર્યના કોઈક મિશનમાં જેમને પડવાનું છે, તેવા અવતરિત અતિમાનુષોની એક વિશિષ્ટ પ્રકારની અતિ ઊંચી અવસ્થા હોય છે. ચેતનાના પરમોચ્ચ શિખરે પહોંચી પરમાત્મશક્તિને આત્મસાત્ કરી ચૂકેલા સિદ્ધસંતોમાં અવધૂતો એક સ્થાને બેસી રહીને 'પરમ' સાથે અતુટ તાર સાંધીને અંતરાનંદમાં ખોવાઇ ગયેલા રહે છે. મિશન લઇને આવેલા સિદ્ધો યુગનિર્માણના કાર્યમાં જોડાય છે.

આવા મિશનરી સિંદ્ધો સત્યપૂત-શુદ્ધ વિચારધારા દ્વારા જગતમાં વિચાર, વાણી અને વ્યવહારનાં ક્ષેત્રોમાં નવાં પરિ-વર્તનો લાવી નૂતન પ્રાણ પૂરે છે અને પૃથ્વી પરનું એમનું અવતારી કાર્ય જીવન દરમ્યાન કરતા રહે છે. તેઓ મૂર્છિત ( સંસારમાં ડૂબેલા ) લોકોની ચેતનાને જગાડીને તેમને બેઠા કરે છે અને જીવનદષ્ટિમાં નવા માપદંડ આપી નવાં પરિ-ણામો સર્જે છે.

મિશન લઈને અવતરેલ સિદ્ધ પુરુષમાં સૂક્ષ્મ અને સામાન્યસ્તરીય ચેતના ફરીથી જાગી ઊઠે છે કેમકે તેના વિના સાધારણ જીવો સાથે સંબંધ સ્થાપિત કરી શકાતો નથી; અને આ સૂક્ષ્મ-સ્થૂળ ચેતનાના રસાયણ વિના, પરમાત્માના અનુગ્રહના વિસ્તાર-સ્વરૂપ જગત-વ્યાપારમાં પ્રવૃત્ત થવાનું સંભવિત બનતું નથી.

સિદ્ધ અવધૂતોની જેમજ મિશનરી સિદ્ધપુરુષોમાં અતિ-ચેતના તો અક્ષુણ્ણ જ રહે છે. તેના ઉપરાંત મિશનરી

સંતોમાં સૃષ્ટિવિષયક ચેતનાની અભિવ્યક્તિ પણ થાય છે. ચિન્મયે ચૂંટેલા અને તેથી 'ગુરુપદ–ભાવાપન્ન' સંજ્ઞક સંતપુરુષો અને અવધૂતો વચ્ચે સ્થિતિગત કોઇ પાર્થક્ય (જુદાપણું) હોતું નથી; પરંતુ ભાવગત પાર્થક્ય રહે છે.

જીવનમુક્તોની દૃષ્ટિમાં સૃષ્ટિ હોતી નથી પરંતુ પ્રભુકૃપા પામેલા મિશનરી સંતની દૃષ્ટિમાં સૃષ્ટિ હોય છે.

ચિન્મયના આવા મિશનરી સંતો મનુષ્યદેહે દેવમાનવ હોય છે. એમની વાણી પરાવાણી હોય છે. પરા એટલે શ્રેષ્ઠ કે ઉત્તમ વાણી. તેની પછીના ક્રમમાં પશ્યંતી અને મધ્યમા વાણીપ્રકાર આવે છે. સૌથી નિકૃષ્ટ ઊતરતા વાણીપ્રકારને વૈખરીવાણી કહે છે. વૈખરી એટલે ધડધડાટ ધાણી ફૂટે તેમ બોલાતી વાણી જે કેવળ બોલવા ખાતર જ બોલાતી હોય એવી વાણી. બીજા અર્થમાં વાણીવિલાસ.

પરાવાણીને શ્રેષ્ઠ કે ઉત્તમ શબ્દોની સીમામાં ના બાંધી શકાય. શ્રેષ્ઠતમ શબ્દ પણ પરા માટે ઓછો પડે છે કેમકે પરાવાણી શબ્દોની પારના પ્રદેશમાંથી-મનાતીત પ્રદેશમાંથી આવેલી દિવ્ય વાણી હોય છે. સિદ્ધપુરુષનું મૌન સંવાદ વખતે શબ્દો દ્વારા અભિવ્યક્તિ પામતું હોય છે. આ વાણી અતિચેતનાના ઉચ્ચતમ સ્તરેથી ઉદ્ભવેલી પરાવાણી હોય છે, પરિપૂત અને પરિપૂર્ણ હોય છે.

મિશનરી સિદ્ધપુરુષની વાણી અણુ-પરમાણુની પ્રચંડ ઊર્જા ધરાવતી હોય છે અને તેઓ વક્તવ્ય આપે કે સહજ સંવાદમાં સામેલ થાય ત્યારે એમની ચેતના વ્યંજિત થઈ ઊઠતી હોય છે.

આવા મિશનરી સંતો જિંદગીભર પરિવ્રાજક અવસ્થામાં જીવે છે. તેઓ કદી કયાંય કાયમ મુકામ કરીને રહેતા નથી.



એમનું પરિભ્રમણ સતત ચાલુ રહે છે. એમનું જીવન નિત્ય-પ્રવાહિત સરિતા સમાન ગતિમાન હોય છે, તેમાં સરોવરની સ્થગિતતા કદી જોવા મળતી નથી.

નિત્યપરિવ્રાજક સંત મૂર્તિમંત 'ગતિ' હોય છે. બાહ્ય જગતમાં જ નહિ પરંતુ આંતરિક જગતમાંયે તેઓ ઘરબાર-વિહોણા–બેઘર રહે છે. આ સમગ્ર જગત જ એમનું ઘર બની રહે છે.

આવા સંતપુરુષો નિરાકાર અરૂપ અવસ્થામાં વિચરણ કરતા હોય છે. જગત એમને નામરૂપ–આકાર આપે તેની સાથે તેઓ સંબંધિત નથી હોતા. આ સંસારમાં આવા-ગમનો ચાલ્યાં કરે છે પરંતુ જે કાંઇ સંબંધ છે તે તો પરિષ્કૃત જાગરુક અસ્તિત્વ સાથે છે, એવું સત્ય લઇને તેઓ નિત્યવિહાર અને વ્યવહાર કરે છે.

'સત્' સદાકાલીન છે અને 'અસત્' નો કદી જન્મ જ નથી થયો–આવી શબ્દોની પારની એમની સત્યમૂલક ચેતન-જ્યોત ઝવહળતી રહે છે.

આવા દિવ્યમિશનરી પરમોચ્ચ ચેતનાના કોઈ ગહન સ્તરેથી શબ્દ બોલતા હોય છે. અન્યને પ્રભાવિત કરવાની એમને ઇચ્છા નથી હોતી. તેઓ કોઈ ફિલસૂફી, વાદ કે સિદ્ધાંત ગળે ઉતારવા પણ કદાપિ પ્રયત્ન નથી કરતા હોતા. અનુસરણ માટે તેઓ કોઈ સૂત્રકારિકા પણ નથી આપતા, પરંતુ એમના શ્રીમુખેથી વહેતી પરાવાણીમાં મૌનતા મહોરી ઊઠે છે.

એમના શબ્દ–ઉચ્ચારણ પાછળ સ્વાનુભૂતિમૂલક રણકાર હોય છે અને તેથી શબ્દો હૃદય સોંસરવા ઊતરી જાય છે

કેમકે આ પરાવાણી, તર્ક–બુદ્ધિની પાંખોને સહારે ઊડતા ફિલસૂફોની પુસ્તકિયા માહિતી અને પોથીપાંડિત્યથી પર હોય છે. ભીતરી શાંતિપદપ્રતિષ્ઠાને કારણે એમની વાચિક અભિવ્યકિત ફાલીફૂલી ઊઠે છે અને ક્ષણ પ્રતિક્ષણ ખીલી ઊઠતી રહે છે. એમની ચેતના નવપલ્લવિત, પ્રફુલ્લિત અને ફળદાત્રી હોય છે.

આવા મિશનરી સંતોની અવતરણલીલા એક અલૌકિક ઘટના હોય છે. તેઓ માનવદેહે અતિમાનુષ હોય છે, મૂર્તિમન્ત સત્ય હોય છે, પ્રભુ પરમાત્મા હોય છે.

આવા સિદ્ધપુરુષની વાણી અને સામાન્ય શ્રોતાની ગ્રહણશકિત વચ્ચે અવસ્થાંતરની સમસ્યા તો ખડી રહે છે જ. પરાવાણી મનપારના પ્રદેશમાંથી આવતી હોય છે, શ્રોતા તેના મનની સપાટી અનુસાર ગ્રહણ કરતો હોય છે. વળી માણસ મૂંગો મૂંગો નિર્વાક રહી શ્રવણ કરતો હોય તોપણ તેની અંદરના વાચાળ મનમાં આત્મસંભાષણનો કોલાહલ ચાલુ જ રહેતો હોય છે.

તેમાંયે શ્રોતાને મુખેથી થઈ જતું એકાદ શબ્દનું ઉચ્ચારણ તેના આંતરિક ઘોંઘાટની અવસ્થાને દેખાડી દે છે. માત્ર એક શબ્દનું ઉચ્ચારણ થાય ત્યાં તેના ભીતરી અસ્તિત્વનો સ્તર પૂર્ણપણે ખુલ્લો થઈ જાય છે. શ્રોતા કોઇ શબ્દ ના ઉચ્ચારે તોપણ તેના હલનચલન કે મુખરેખાના પરિવર્તન દ્વારા તેની અંદર મનોમન ચાલી રહેલા ગરબડાટને તે પ્રગટ કરી દે છે.

સમ્યગ્ શ્રવણ એટલે શબ્દાર્થથી મનને અલગ રાખવું. માણસ શબ્દાર્થ કરવામાં પડી જાય છે તો શ્રવણ ચૂકી જાય છે કેમકે માણસની ચેતન–સભાનતા એકી સાથે બે વિરોધાત્મક ચીજોને ગ્રહણ કરી શકે નહિ. માણસ વિચારે ચઢે અને અર્થઘટનમાં પડે એટલે શ્રવણ અટકી પડે.



અહીં શ્રવણક્ષમતાના કાંઈક ઊંચા સ્તરની જરૂર રહે છે; કેમકે નહિતર શ્રોતા શ્રવણના શબ્દાર્થમાં ગૂંચવાઇ જઇ શ્રવણનું અમૃત ગુમાવી બેસે છે.

સંગીતપ્રેમી સ્વરની લયબદ્ધતા અને સૂરાવલીના આસ્વાદમાં ડૂબી જાય છે. તેને માટે ગીતના શબ્દો કે શબ્દાર્થો નિરર્થક બની રહે છે. સંગીતમાં શબ્દો સાંભળવા–સમજવાનો કોઇ અર્થ નથી હોતો. માત્ર સૂરના ધ્વનીતરંગો અને સૂરની સંગીતીમાં–એકરૂપ સુરેલતામાં જ સંગીતપ્રેમી ખોવાઇ જાય છે. તેને ઘડીભર પોતાની હસ્તીની વિસ્મૃતિ થઇ જાય છે. સંગીત દ્વારા તેનામાં ' અજ્ઞાત ' પ્રવેશ કરે છે.

પૃથ્વી પર બે અદ્ભુત સૌંદર્યધામ છે-સમુદ્રનો વિસ્તાર અને ગહનતા; તથા ગગનને આંબવા મથતા પર્વતોનાં ઉત્તુંગ શિખરો.

માણસ સમુદ્રનાં ઉછળતાં મોજાઓનું દશ્ય આંખમાં સમાવીને આનંદિત થાય છે અને મોજાંઓનું ગર્જન સાંભળીને આહ્લાદિત બને છે. દશ્ય–શ્રાવ્ય બંને પ્રકારની સૌંદર્યાનુભૂતિ માણસના ચિત્તને હરી લે છે. પરંતુ સમુદ્રને ખુદને તો કાંઇ કહેવાનું હોતુ નથી. મોજાંઓની છોળોનું દશ્ય અને તેના ગર્જનધ્વનિની સૌદર્યાનુભૂતિ માણસને તલ્લીન બનાવી દે છે. ઘડીભર માણસને પોતાની હસ્તીની વિસ્મૃતિ થઇ જાય છે.

આ દર્શન અને ગર્જન માણસને શાંત અને મૌનમૂક બનાવી દે છે. આ સૌંદર્યાનુભૂતિમાં તે તન્મય થઈ જાય છે.

સમુદ્રના આ દૃશ્ય-શ્રાવ્ય સૌંદર્યને માણસ પોતાના સંવેદનશીલ હૃદયમાં ઉંડે ને ઉંડે ઊતરવા દે છે. પછી અંદર પણ શાંતિ ઊતરી આવે છે. ‘ અજ્ઞાત ’ સમુદ્ર દ્વારા માણસની અંદર પ્રવેશ કરે છે.

આકાશને ભરી દેતાં પંખીગણનાં વિધિવિધ ગીતગુંજનો અને વૃક્ષોની ડાળી-ડાંખળીને ઝુલાવતી-નચાવતી પવનની લહેરોનો મંદ સુસવાટ સાંભળતાં, માણસનો ભાવદેહ અનેરાં મીઠા સ્પંદનોની અનુભૂતિ કરે છે. માણસ પંખીઓનાં ગીત-ધ્વનિ, પવનલહેરના મંદ સુસવાટ અને પર્ણધ્વનિના શ્રવણના આનંદમાં ડૂબી જાય છે.

પરમાત્મશકિતના સંદેશવાહક મિશનરી સંતને શ્રીકંઠેથી વહેતી પરાવાણીનું માત્ર શ્રવણ જ બસ છે. વિચારનું પાસું બંધ રાખવાનું રહે છે. આવું સમ્યગ્ શ્રવણ જ્ઞાતજગતમાં અજ્ઞાતને લઇ આવે છે. આમ બનતાં કોઇક ધન્ય ઘડીએ કોઈક અલૌકિક ઘટના ઘટવાની સંભવિતતા બની રહે છે,

પરાવાણીની દિવ્યતા અગોચર અજ્ઞાતને શ્રોતાનો સુગોચર સાથી-સંગાથી સહજ રીતે બનાવી દે છે. શબ્દે શબ્દે ચિન્મયની ચિરંતન જ્યોત ઝબકી ઊઠતી હોય તેવી પ્રતીતિ થાય છે. શ્રોતાના અંધકારમય મનપ્રદેશમાં પ્રકાશનું કિરણ પ્રગટી ઊઠે છે.

દિવ્યવાણીના શબ્દોના શ્રવણમાં પ્રવેશે તે વખતે શ્રોતા શબ્દોના અર્થમાંથી બચી જાય, અને માત્ર શબ્દોમાં અંતર્હિત નિગૂઢ સંકેત-તેનું લયબદ્ધ સંગીત સાંભળે; સન્મુખ ચાલી રહેલ ગીતગુંજન સાંભળે-અર્થ નહિ. ધ્વનિરહિત મનના ધ્વનિનું-કરુણામય હૃદયનું શ્રવણ કરવાનું રહે છે.



મૌનમૂક બનીને શાંત ચિત્તે શ્રવણ કરવાનું છે. મનને વચ્ચે લાવવાનું નથી. મન-બુદ્ધિને કોરે મૂકી એક કે બીજી રીતે નિર્ણય લીધા વગર માત્ર શ્રવણ કરવાનું છે. ‘ સિદ્ધ પુરુષ શું કહે છે ’-આવોવિચાર જ મનમાં ના ઊઠે, વિચારના પ્રગટીકરણને રોકી-અટકાવી દેવાનું છે.

પરાવાણીના એક હજાર શબ્દોમાં કોઇએક શબ્દ પણ નિરર્થક નથી હોતો. તેમાં ડૂબી જવાનું રહે છે. વૈખરીવાણીની ક્રીડામાં રમતા માણસે ઉચ્ચારેલ એક હજાર શબ્દોમાંથી એકાદ મબ્દ જ અર્થપૂર્ણ અને કામનો હોય છે. ‘ પરા ’નો એકાદો બોલ પણ ચોટ કરી જાય તો શ્રોતા પોતાની અંદર ગહન મૌનને અનુભવે છે.

મિશનરી અતિમાનુષને કંઠેથી ઉચ્ચારાતો એક એક શબ્દ અમૃત-સંજીવની હોય છે. તે રસરાજ-પારદ હોય છે શબ્દે શબ્દમાં શ્રોતાને મૂર્છામાંથી જગાડી દઇ તેની ચેતનાને ઊર્ધ્વગામી બનાવવાનું સામર્થ્ય હોય છે.

સિદ્ધ સંતની ઉપસ્થિતિમાં તેના શ્રીકંઠેથી સુલભ વકતવ્ય શ્રોતાને પ્રત્યક્ષ સંગતિમાં મૂકી દે છે. આવા સત્પુરુષના અક્ષરદેહસ્વરૂપ ગ્રંથમાં પરાવાણી શોધવી મુશ્કેલ પડે છે. અહીં વાચક નિશાન ચૂકી જાય !

પરંતુ સીધી સાંભળવા મળતી વાણી તો શ્રોતાના હૃદયની આરપાર ઊતરી જાય છે. અહીં શ્રવણેન્દ્રિય દર્શનેન્દ્રિય કરતાં વધારે સમર્થ હોવાની પ્રતીતિ થાય છે. વાચક પર થતા પરોક્ષ પ્રભાવ કરતાં શ્રોતા પરનો પ્રત્યક્ષ પ્રભાવ શ્રેષ્ઠતર હોવાનું માલૂમ પડે છે. શ્રેયાર્થી શ્રોતા શ્રેયાર્થી વાચક-દર્શન કરતાં ચઢિયાતો સાબિત થાય છે.

સિદ્ધસંતની વાણી માણસની સુષુપ્ત ચેતનાને જાગ્રત કરી દેનારી અને આનંદપ્રદાતા હોય છે. શ્રોતાએ તેમાંનો રસ ખેંચીને પોતાની અંદર તેને શમાવવાનો હોય છે. સમ્યગ્ શ્રવણ દ્વારા સંવેદન થતાં માણસનું સમૂળું રૂપાંતર થઇ જાય છે. કેવળ શ્રવણ જ પ્રાણ–પ્રકૃતિને રૂપાંતરિત કરી દેનારું નીવડે છે.

પ્રત્યેક કામ બહુજ ધીરજ રાખી સારું કરવાનો સ્વભાવ પાડશો.

IS:10001

ઓ. ૨૫૬૬૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. ૪૧૪૭૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વકર્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨



# સહજતા પ્રાપ્ત કરવાનો માર્ગ

શ્રી મણિલાલ દવે

સર્જનમાં જ્યારે સર્જક શરીરના સ્તર ઉપર બહારથી કંઇક સર્જન કરે છે ત્યારે તે–મેન્યુફેકચર કર્યું તેમ કહેવાય છે. મનના સ્તર ઉપર માનસિક કૃતિને આપણે કળાનું પ્રોડકસન કહીએ છીએ. આમાં કવિ, ચિત્રકાર, સંગીતકાર મનના વિચારોને આકાર આપે છે. પરંતુ સર્જક તેમાં પોતે કળામાં પ્રવેશતો નથી. માતા પોતાના દેહમાં બાળકનું સર્જન કરે છે ત્યારે સર્જક અલગ ન રહેતાં પોતાના દેહનું દાન બાળકને કરતી હોય છે. તેથી સર્જનમાં તેને પ્રેમનું આકર્ષણ હોય છે છતાં તે પોતાના સર્જનમાં મન અને આત્માનું દાન કરી શકતી નથી કારણ બાળક પોતાનો સૂક્ષ્મ દેહ લઇને આવ્યું હોય છે. એટલે માતા મન, પ્રાણ આત્માથી અલગ રહી સર્જન કરે છે. પરંતુ બાળકના સર્જનમાં માતાના શરીરનું બલીદાન હોય છે તેથી સ્થૂળ સૃષ્ટિમાં બાળકની કૃતિ એ શ્રેષ્ઠ કૃતિ કહેવાય છે.

પરંતુ સૃષ્ટિનું સર્જન ( ક્રિએશન ) તો સર્જક પોતાની જાતને બીલકુલ અલગ ન રાખતાં પોતેજ સર્જનમાં ઓતપ્રોત થયેલો છે. સર્જક સર્જનને ધારણ કરી રહ્યો છે તે સર્જનથી દૂર ગયો જ નથી એટલે તેને શોધવા જવાનું નથી પણ માનવે પોતાની અંદર જ શોધવાનો છે.

માનવીની નિજતા પોતે જ પરમસત્તા હોઇ તે તેની સદાની ઉપલબ્ધિ છે. તેની મન વડે પ્રાપ્તિ કરવા જતાં મનની કલ્પના જ હાથમાં આવે છે. આત્માની જે નિપજ હોય છે

મન તેની ઉપજ બનાવે છે. તેમાં અનુકરણ સિવાય કાંઈ હોતું નથી. અનુકરણમાં કૃત્રિમતા હોય છે. પણ અસલની સુગંધ તે લાવી શકતું નથી. આત્માની ઉપલબ્ધિ જીવંત હોય છે. તેને કોઈ મેથડના ચોકઠામાં ગોઠવી પ્રાપ્તિ બનાવવા જતાં તે પ્રાણ વિનાનાં બંને છે. ઋષિઓમાંથી સત્ય પ્રવાહિત થયું તેના ઉપનિષદ બન્યાં. તે સત્યની નિપજ તેમના માટે જીવંત હતી. હવે તેમના ઉદ્દગારોને રટણ કરવાથી મન એક કલ્પના ચિત્ર ઊભુ કરે તે મનની ઉપજ કહેવાય. પણ તેમાં સત્યનો ફ્લેવર ન મળે. સાધકે તે સત્યને મેથડરૂપે ન બનાવતાં બોધરૂપે સ્વીકારી પોતાનામાંથી સત્યને સહજતાથી પ્રવાહીત થવા દેવાનું છે. તમે જોશો કે ક્રિએશનમાં કોઈ વસ્તુ એક સરખી હોતી નથી. વૃક્ષનું દરેક પાન પણ બીજાથી કંઈક અંશે જુદુ હોય છે. તો સૂક્ષ્મ અનુભવો ક્યાંથી એક સરખા હોય? પણ આપણું મન અનુભવ આવતા સુધી વાટ જોતું નથી. તેથી અનુકરણનો માર્ગ સ્વીકારી નકલી સિક્કા ચલણમાં લાવ્યું છે. તેમાં આ દેશના સાધકોએ કાંઈક કરવાથી મળે છે એવું માની, અનેક પદ્ધતિઓ સ્વીકારી છે. જેને મળ્યું છે તેને સત્ય પદ્ધતિની રાહે મળ્યું નથી. તેને તો ક્રિએટર તરફથી અહેશાનમંદીની લાગણીથી શરણાગતિ સ્વીકારવાથી મળ્યું છે. આ ભાવદશાની નિપજ છે. અને દરેક દ્દષ્ટાનો આગવો અનુભવ હોય છે. પછી અનુગામીઓએ બાહ્યાચાર જોઈ તેની મેથડ બનાવી તે ફુટી ગયેલા કારતુસો જેવી છે અને સાધક જો તેમાં ફસાય તો તેની સ્વતંત્ર ખોજ બંધ પડી તે મેથડની કલ્પનામાં કિમતી જીવન સત્ય પામ્યા વિના પુરુ કરે છે. સાધકે શાસ્ત્રો અને પ્રાજ્ઞ પુરુષોના બોધમાંથી પોતાના માટે ઉપયોગી એવી ભાવદશા પેદા થવા દેવાની છે. આ પ્રીપેરિંગનો રાહ છે. ડુઈંગનો નથી. અને



ફક્ત હોવાપણાની ભાવનામાં અહંકારને કાંઈ કરવાનું ન મળતા તેનું મૃત્યુ થાય છે. અને તેની કબર ઉપર સત્ય સહજતાથી પ્રગટ થાય છે. બુદ્ધ પુરુષો ભલે જુદા જુદા માર્ગથી સત્યને પામે છે. પણ તેમની અંતરજ્યોત એક સરખી હોય છે. તેમાં તેમણે વિરાટ સાથે એકતા સાધ્યાની પ્રતીતિ પણ છે.

કામના એ સહજતા સાથે ફરીયાદરૂપે રજુ થાય છે. તેને કંઈક કરવું છે. કેન્દ્રની ધારા સહજતાથી કર્મમાં પ્રવેશે છે ત્યારે તેમાં કોઈ હેતુ હોતો નથી. પણ મનને સહજતા મંજૂર ન હોવાથી તે તેમાં હેતુ જુએ છે તેથી કર્મમાં ભાર પેદા થાય છે. પછી મન પોતાની મરજી મુજબ ચલાવવા માટે કર્મનું ફળ ઇચ્છી અપેક્ષા દાખલ કરે છે. સહજતાની નિયતિ પ્રમાણે કર્મનું પરિણામ આવે છે, ત્યારે અપેક્ષા અગર તૃષ્ણાને ધક્કો લાગે છે—આ છે સંસારનું દુઃખ.

આત્માથી સંચાલિત કર્મ હોય તો તેમાં સહજતા હોય છે. કોઈ હેતુ કે મોટીવ હોતો નથી પણ કર્મમાં મન પ્રવેશી તેમાં હેતુ દાખલ કરે છે. પછી તેજ કર્મ તમારી શકિતનો વ્યય કરતું તમને લાગે છે. દા. ત. તમે જે રસ્તેથી સહજતાપૂર્વક ફરવા જાઓ છો તેજ રસ્તેથી જ્યારે ધંધા માટે અગર ઓફિસે જાઓ છો ત્યારે તમે જોશો કે ફરતી વખતે તમે શકિત પ્રાપ્ત કરતા લાગો છો અને ધંધાર્થ જાઓ છો ત્યારે થાકી ગયેલા લાગો છો. મનનો પ્રવેશ હેતુ મારફત થવાથી શક્તિનો વ્યય થાય છે. માનસિક તણાવ શરીર ઉપર અસર કરી શરીર જીર્ણ બનાવે છે. એટલે જણાશે કે સહજતા એ ચીર યૌવનની પણ ચાવી છે.

બુદ્ધત્વની સ્થિતિમાં કેન્દ્રના ફરમાનો પ્રેમપૂર્વક, મન અને

ઇન્દ્રિયો ઝીલતાં હોય છે. તેથી તેમાં સહજતા અને સંવાદ હોવાથી આત્માની તંદુરસ્તી દેહ સુધી ફેલાયેલી હોય છે. પરિધિમાં કોઇ કામનારૂપી ફરિયાદ હોતી નથી. તેથી કોઇ સંઘર્ષ ન હોઇ શકિતનો વ્યય થતો નથી. એટલે જીવન આત્મ સંચાલિત બનતાં સત્, ચિત અને આનંદનો આધાર બને છે. સામાન્ય રીતે માનવજીવનમાં ઘર્ષણ અને વિષાદ જોવામાં આવે છે. પરંતુ માનવતાનાં આવાં સંવાદમય જીવનથી ખીલતાં પુષ્પો બીજાને પ્રેરણારૂપ બને છે. તેથી બીજાઓ પણ સહજતા તરફ આકર્ષાય છે.

સંતો જીવનના સાચા કલાકારો છે. તેમણે જીવનને સાચા અર્થમાં ઊકેલ્યું છે, કારણ તેમણે હોશથી જોયું છે કે આપણે ફક્ત કઠપુતળીથી વિશેષ કંઈ નથી અને પરમ સત્તા અવાજ વગર આ સૃષ્ટિનું ભવ્ય સંચાલન કરી રહી છે. ત્યારે હું પણ તેના ફલાય વ્હીલ સાથે મારી મનની પુલી ચઢાવી દઉં તેમાં જ ડહાપણ છે. એટલે સંત સમર્પિત જીવનને રાત દિવસ પોતાનું લક્ષ્ય બનાવી જીવે છે. તેથી સાધનામાં મનની ઉપસ્થિતિ થવા દેતા નથી. એટલે મન તેમનામાં જીવન જરૂરિયાતની પ્રાથમિક ફરજોમાં રોકાયેલું રહે છે, એટલે તેના કારણે ઘર્ષણ પેદા થતું નથી.

મન ઇન્દ્રિયોના મુકરદ્દમથી વિશેષ કાંઇ નથી અને તેનું વલણ સર્વદા અધોમૂખી હોય છે. પ્રકૃતિનો આ પ્રતિનિધિ જો કેન્દ્ર અભિમુખ બને તો વિલય પામે તેથી તેના અસ્તિત્વ માટે પણ ઘર્ષણ, માલિકી, સંચય વગેરેના રસ્તા પેદા કરે છે. આપણે અજ્ઞાનથી મનને મહત્તા આપી તેના સંસ્કાર માટે શાળા, કોલેજો સ્થાપી, સાહિત્યના ક્ષેત્રમાં સિદ્ધિઓ મેળવી વિજ્ઞાનની શોધો કરી તેમ માનતા થયા છીએ કે આ



મન આપણને સ્વરૂપ દર્શન કરાવી અખંડ શાંતિ પણ મેળવી આપશે, પણ આ એક જ ક્ષેત્ર એવું છે કે મનની બધી સિદ્ધિઓ હોવા છતાં તે અવરોધરૂપ બને છે. આદિ માનવનું મન આટલું બધું સૂક્ષ્મ ન હતું. વધારે સૂક્ષ્મ થવાથી તે વધારે ડેન્જરસ બની ભટકાવે છે. એટલે સાચા ધર્મની સિદ્ધિ દુર્લભ બની છે. જો સાચા ધાર્મિક જીવનમાં પ્રવેશ થાય તો સાધક જગતનો સાચો ભોકતા બને. સંત સાચા કલાકાર હોઇ એક કાંકરે બે પક્ષી મારે છે. જીવનની શાંતિ અને સંસારનો સાચો ભોગ.

બુદ્ધિથી અનુભવની સ્થિતિ કલ્પી ન શકાય. આપણાંમાનાં ઘણા માણસો એવું માનતા જોવામાં આવે છે કે સમાધિમાં શરીરની સ્થિતિ જડ થઈ જાય છે. કારણ કે એવા વર્ણન વાંચ્યા હોય છે કે અમુક ઋષિના શરીર ઉપર માટીના રાફડા થઇ ગયા પણ તે હાલ્યા ચાલ્યા નહીં—આ કોઇ હઠયોગની પ્રક્રિયા હશે—પણ આ કોઈ આકર્ષક હાલત નથી. આવી જડ સમાધિમાં મનની હાલત બદલાતી નથી. જ્ઞાનની સમાધિ કલ્પનાનો વિષય ન બની શકે તેમાં ફક્ત સમજથી ક્રાંતિ થાય છે. મોજાને ભાન થાય કે અમારું આગવું અસ્તિત્વ નથી પણ અમારું અસલ સ્વરૂપ સમુદ્ર જ છે. ભલે અમે મોજા બન્યાં પણ તેથી પાણી મટી ગયાં નથી, તેવી જ રીતે ચૈતન્યમાં મનરૂપી મોજા ઉપજે એટલે સંકલ્પ-વિકલ્પ થાય તો પણ તે ચૈતન્યનું જ ગતિશીલ સ્વરૂપ છે. એટલે સંકલ્પ-વિલ્કપ ફક્ત સ્પંદનથી વિશેષ કંઈ જ નથી એવું સમજી તેનાથી કોઈ સમસ્યા ઉભી ન થાય, એટલે મન સમાધાનવાળુ રહ્યા કરે તે જ કબીરની સહજ સમાધિ. પછી જીવનના બધા પ્રસંગોમાં ચૈતન્યદષ્ટિ રહ્યા કરે એટલે અખંડ શાંતિ રહ્યા કરે તેજ સમાધિ. આ ચોવીસ કલાકની સ્થિતિ જીવનમુક્તની

સ્થિતિ હોય છે તેમાં કાંઈ ચઢઉતર થતી નથી. આ રૂપાંતરની સ્થિતિ છે. લોખંડનું સુવર્ણ બની ગયા પછી પાછું લોખંડ શી રીતે થાય? તેમ પ્રગટેલી સમજ ફરી અજ્ઞાનમાં ફસાતી નથી. મનની નિર્વિકલ્પ સ્થિતિ એટલે વિચારશૂન્ય સ્થિતિ નહીં પરંતુ વિચારોમાં તમારો જે અભિનીવેશ અથવા તાદાત્મ્ય હોય તે સજાગતાથી જાણવું કે ચૈતન્ય જ વિચારરૂપ બન્યું છે એટલે આવી સમજણથી વિચારોનો વેગ ધીરે ધીરે ઓછો થતો જાય. કાંઈ એકદમ કશું અટકી જતું નથી. ઘાટ ઉપરથી આંખ ઉઠાવી સુવર્ણદૃષ્ટિ ધારણ કરવાની છે. આ સમજણની સહજ દશા છે. ●

મણીલાલ ર. દવે. ૪૬/ શારદાનગર સોસાયટી, વિકાસ ગૃહની પાસે, અમદાવાદ ૭.

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગા રોહણ"
શાંત સ્વચ્છ, પવિત્ર અને મનમોહક વાતાવરણમાં
આધુનીક સગવડ, એટેચ બાથ-સંડાસ સાથે
ઉતરવાનું ઉત્તમ સ્થળ એટલે જ...
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગા રોહણ", દાતા રોડ, અંબાજી. (ઉ. ગુ.)



## આપણી વાત

આપણી વ્યથાની વાત કોઈને ન કહેવી,
હૈયામાં હામ ભરી આપદા સૌ સહેવી
આપણી વ્યથાની વાત કોઈને શું કહેવી? ૧

આપણી વ્યથા એ તો આપણી વ્યથા છે,
આપણી કથા એ તો સૌની કથા છે.
આપણા-પરાયાના ભેદ સહુ ભાંગી
ગમ કેરી ગઠડીને નિજ શિરે વ્હેવી
આપણી વ્યથાની વાત કોઈને ન કહેવી. ૨

ગમ કેરી દિલ્લગીમાં આગવી મઝા છે,
માનનારા માને તો આકરી સજા છે,
કુન્દન કસોટીની કસપટ્ટી આપદા,
હસતાં હસતાં ભૈ એને સહી લેવી,
આપણી વ્યથાની વાત કોઈને ન કહેવી. ૩

હળવું ન થાય હૈયું હૈયા-વરાળથી
દુ:ખડાં દળાય કૈંક સમતા ને સાનથી.
પોતાનો 'ક્રોસ' તો પોતે ઉપાડવો
શું કરે દૂર વસ્યાં દેવતા કે દેવી?
આપણી વ્યથાની વાત કોઈને શું કહેવી? ૪

આપણી વ્યથાની વાત કોઈને ન કહેવી,
હામ ભરી હૈયામાં આપદા સૌ સ્હેવી
આપણી વ્યથાની કથા કોઈને શું કહેવી? ૫

ડૉ. રણજિત પટેલ (અનામી)

—*—

# "અમારા વતી પણ દર્શન કરજો"

સુમનભાઈ વ્યાસ

અન્ય કોઈના નહિં પણ પૂ. સર્વેશ્વરીમાના શ્રીમુખેથી નીકળેલી એ અમૃતવાણી "અમારા વતી પણ દર્શન કરજો" -એમાં કેટલી શુભેચ્છા અને તાકાત છે તે નીમ્ન લિખીત વૃત્તાંતથી વાચકને સમજાશે :

ડિસેમ્બર ૧૯૮૮ ના પહેલા સપ્તાહના એ દિવસો. પૂ. સર્વેશ્વરીમાના વિદેશની કલ્યાણકારી યાત્રા કરીને તા. ૯ ડિસેમ્બરે સ્વદેશ પુનરાગમનના સમાચારથી ઉત્સાહમાં આવી ગયેલાં અનેક સાધક ભકતો દૂર–સુદૂરથી, વ્યવસ્થા કર્યા મુજબ મુંબઈ આવી પૂ. માનું ઉમળકાભર્યું સ્વાગત કરવા થનગની રહ્યા હતા.

અમદાવાદથી શ્રી કુમુદભાઈ ત્રિવેદી, તેમના પત્નિ પુષ્પાબેન તથા સર્વશ્રી રંજનાબેન, કસ્તૂરભાઈ, હર્ષિદાબેન તથા જયાબેન સાથે તા. ૪ ડિસેમ્બરે સવારેજ અંધેરી, મારા મુકામે પધાર્યા. પૂ. સર્વેશ્વરીમાનું શુભાગમન થાય તે પહેલાં તેમને ગણેશપુરી તથા આળંદીની યાત્રા કરવી હતી. આ યોજનાની તેમણે પૂ. માને ફોનપર વાત કરી હતી. પૂ. માએ સંતોષ વ્યક્ત કરવા સાથે ખાસ એમ પણ કહેલું કે યાત્રા કરવા જાવ છો તો "અમારા વતી પણ દર્શન–પ્રણામ કરજો."

સૂચિત યાત્રામાં હું, મારા પત્નિ તથા વયોવૃદ્ધ શ્રી વિશ્વનાથભાઈ દવે સહિત અમે નવ વ્યક્તિ થતાં એક મેટાડોર ગાડી ભાડે કરી અને તા. ૫ ડિસેમ્બરે વહેલી સવારે



પ્રયાણ કરી પહેલાં ગણેશપુરીમાં પૂ. નિત્યાનંદબાબાની તથા પરમહંસ મુક્તાનંદબાબાની સમાધિના દર્શન કર્યા, આશ્રમમાં ફર્યા અને વજ્રેશ્વરીમાતાના દર્શન કરી બપોર પછી આળંદી તરફ રવાના થયા.

રસપ્રદ વાત તો હવે શરૂ થાય છે. આળંદીમાં ત્યારે કાર્તક વદ ૧૧ થી આળંદી નિર્મળ યાત્રા અર્થાત્ સંત જ્ઞાનેશ્વર મ. સમાધિ ઉત્સવ માનતો હોય મેળો ભરાયો હતો. રસ્તે જોયું તો નજીકના પુના શહેર તથા અન્ય ગામોમાંથી તથા મુંબઈથી પણ ખાસ બસો આળંદી જતી આવતી હતી. અમે તો સામાન્ય મેળો હશે એવી ધારણા કરેલી પણ તે ખોટી પડી. આળંદી નજીક પહોંચતા જોયું તો સમસ્ત આળંદીમાં અને આજુબાજુના વિસ્તારમાં માનવમહેરામણ ઉભરાયું હતું. લગભગ સાડાત્રણ લાખ યાત્રાળુઓ હશે. અમે પહોંચ્યા ત્યારે રાત પડી ગયેલી અને આટલા વિશાળ માનવસમુદાયમાં અમને ગાડી ઉભી રાખવાની જગ્યા પણ મંદીરથી દોઢ કિલોમિટર દૂર એક ખેતરમાં મળી. આગળ રસ્તો જ બંધ હતો. રાતનો સમય-રસ્તાની બન્ને બાજુએ વાહનો તથા મેળાની દુકાનોના સ્ટોલ ખડકાયેલા. સડક પર જ્યાં જુઓ ત્યાં માણસ જ માણસ. અમે ખરેખર ગભરાઈ ગયા કે હવે શું થશે? રાત્રે કયાં રહીશું? દર્શન કરવા કેવી રીતે જવાશે? કયાંય જઈ શકાય એમજ નહતું. પૂ. શ્રી જલારામ અતિથિગૃહમાં જઈ આશ્રય લેવાનું અગાઉથી નક્કી કરેલું. ત્યાં પણ દોઢ કિલોમિટર ચાલીને સામાન ઉંચકીને જવાનું કપરું હતું. સદ્ભાગ્યે ડ્રાયવર ત્યાંનો ભોમીયો હતો તેની સાથે પહેલાં હું અને શ્રી કુમુદભાઈ બીજા બધાંને મેટાડોરમાંજ બેઠેલાં રાખી શ્રી જલારામ અતિથિગૃહની શોધમાં નીકળ્યા. જેમ તેમ કરી સાડા આઠ વાગે પહોંચ્યા. ત્યાંના

મેનેજર સાહેબોને અમારી વિકટ પરિસ્થિતિથી વાકેફ કરી રહેવાની સગવડ કરી આપવા નમ્ર વિનંતિ કરી. અમને તો એવો ડર હતો કે આ સંજોગોમાં ત્યાં પણ ખાલી જગ્યા નહિં જ હોય અને રાત મેટાડોરમાં બેઠાં બેઠાં ખેતરમાં જ વિતાવવી પડશે. પણ મા-પ્રભુની કૃપા! અને અમારા આશ્ચર્ય વચ્ચે મેનેજર સાહેબોએ ઘણા જ વિવેકથી-નન્નાનો જરાપણ શબ્દોચ્ચાર કર્યા વિના અમારું ભાવભીનું સ્વાગત કર્યું અને હૈયાધારણ આપી કે ગભરાશો નહિં-પ્રેમથી આવો -આ સ્થળ તમારા જેવા યાત્રાળુઓ માટે જ તો છે. આવો અને સાંજનો-પ્રસાદ લઈ આરામ કરો. એક સગવડવાળા મોટા ઓરડાની જોગવાઇ કરી આપી. ધન્ય છે તેમની નમ્રતાને! પૂ. શ્રી જલારામબાપાના ફોટા સમક્ષ ઉભા રહી અમે કૃતજ્ઞભાવે નમસ્કાર કર્યા :

"રામ નામમેં લીન હૈ દેખત સબમેં રામ,
તાકે પદ વંદન કરું, જય જય જલારામ"

આમ રહેવાની વ્યવસ્થા સુપેરે થઈ એટલે એક મોટી ચિંતા ટળી. પાછા ફરી જરૂરી સામાન લઈ બધાંને સાથે લઇ વિશ્રામગૃહમાં આવ્યા.

હવે બીજો કોયડો એ હતો કે દોઢ કિલોમિટર લાંબી લાઇનમાં ઉભા રહી સમાધિ સ્થળે કેવી રીતે પહોંચીશું ? છ-સાત કલાક લાગે. રાત્રે પણ એટલી જ લાઇન. પ્રથમ દૃષ્ટિએ તો દર્શન દુર્લભ જ લાગ્યા. સૌ નિરાશ-હતાશ થઈ ગયા. બધાંએ સાથે મળી વિચાર કર્યો કે વહેલી સવારે કદાચ ભીડ અને લાઇન ઓછી થઈ જશે ત્યારે દર્શન કરવા જવું. તે મુજબ વહેલા ઉઠ્યા. સ્નાન કરી દર્શન કરવા નીકળ્યા. જોયું તો ભીડ અને લાઈનનો પાર નહિ. અમે



સૌએ સાથે રહેવાનું નક્કી કરેલું છતાં બધાંજ છૂટા પડી ગયા. અને ફરી પાછા દર્શન કર્યા વગર વિશ્રામગૃહની ઓફિસમાં ભેગા થયા. મનોમન તિર્થધામમાં આવ્યા તેટલાથીજ સંતોષ માન્યો. પછી બન્યું એવું કે છૂટા પડી ગયેલા શ્રી વિશ્વનાથભાઈ અને રંજનાબેન થોડી વાર પછી આવ્યા અને કહ્યુ કે અમે તો દર્શન કરીને આવ્યા! અમને નવાઈ લાગી તો જણાવ્યું કે એક સંતપ્રેમી ભાઇએ અમારો લાઈનમાં સમાવેશ કરી આપ્યો અને તેમની મદદથી દર્શન કરી શકયા. એ સાંભળી અમારા બધામાં પણ હિંમતનો સંચાર થયો અને ફરી પાછા પ્રયત્નશીલ થયા. જાણે મા-પ્રભુએ જ બધાંને ટટ્ટાર કર્યા અને યાદ નહિં કરાવતા હોય કે "અમારા વતી પણ દર્શન કરવાના છો તો હિંમત કેમ હારી ગયા!" નીકળીને આગળ જતાં સ્ત્રીઓ માટેનું જુદું પ્રવેશદ્વાર હતું ત્યાં પહોંચ્યા અને બે સ્વયંસેવિકા બેનોએ અમારી વિનંતિને માન આપી તે દ્વારમાંથી અમને પ્રવેશ કરાવ્યો. ચોક્કસ મા-પ્રભુએજ તેમને પ્રેરણા કરી હશે-નહિં તો આઠ કલાકે પણ અમારો વારો નહિં આવતા ત્યાં એકજ કલાકના સમયમાં અમે સારી રીતે દર્શન કરી શકયા. મા-પ્રભુને યાદ કરી તેમના વતી પણ દર્શન-પ્રણામ કર્યા. તેમના અનુગ્રહથી જ દર્શન કરી શકયા. આ થયો 'વતી' પ્રણામ કરવાનો મહિમા! તેમની જ શુભેચ્છા અને આશીર્વાદ.

અતિથિગૃહે પાછા ફરી બપોરનું ભોજન લઈ યથાશક્તિ ભેટ અર્પણ કરી મુંબઈ આવવા રવાના થયા. વળતાં મેટાડોરમાં શ્રીમતિ પુષ્પાબેન સહજ રીતે જ ઉપકારવશ થઈ ગાઈ રહ્યા :

"ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ, કાર્ય અમારું સફળ કર્યું,
અશકયને તે શકય કર્યું બિરુદ સ્વજનનું સત્ય કર્યું."

## * ગુજરાત રાજ્યે હાંસલ કરેલી પ્રગતિની ઝાંખી *

મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરીના નેતૃત્વ હેઠળના રાજ્યમંત્રી મંડળે જુલાઈ ૧૯૮૫ના પ્રથમ સપ્તાહમાં રાજ્યનો શાસનદોર સંભાળ્યો હતો. ત્યારબાદ સૌથી કપરા એવા દુષ્કાળની કુદરતી આફતને કારણે ત્રણ-ત્રણ વરસ સુધી લાખો અબોલ પશુઓ અને કરોડો લોકોનું જીવન ટકાવી રાખવા લેવાયેલા અનેકવિધ પગલાની સાથે સાથે ઔદ્યોગિક વિકાસ, કૃષિઉત્પાદનમાં વૃદ્ધિ સહિત અન્ય વિકાસકાર્યો પ્રત્યે પણ પુરતું ધ્યાન આપવામાં આવ્યું છે તો વહીવટી સુધારણા માટે પણ શ્રી ચૌધરીએ નૂતન અભિગમ અપનાવ્યો છે. દાંડીયાત્રાનું આયોજન, સરદાર સરોવર પરિયોજનાની મંજુરી મેળવ્યા પછી તેને દસ વર્ષમાં પૂર્ણ કરવા માટે અવિરત પ્રયાસો સહિતની અનેકવિધ બાબતોમાં શ્રી ચૌધરીની આગેવાની હેઠળની સરકારે છેલ્લા સાડા ત્રણ વર્ષ જેટલા સમયગાળામાં યશસ્વી કામગીરી બજાવી છે. આ સમયગાળામાં વિવિધ ક્ષેત્રોમાં પ્રાપ્ત થયેલી સિદ્ધિઓની રૂપરેખા અત્રે પ્રસ્તુત છે.

### કૃષિ અને ગ્રામ વિકાસ

પાકવીમા યોજના અન્વયે ખેડૂતોની વીમાના દાવાની રકમની ચૂકવણી ત્વરીત બનાવવા પગલાં લેવામાં આવ્યા છે અને પ્રથમ હિસ્સા પેટે રૂપિયા ૧૦૫ કરોડના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે. બાકીની રકમ પણ કેન્દ્ર સરકાર દ્વારા તુરત મંજૂર થઇ જશે. છેલ્લા ચાર વરસની અછતની પરિસ્થિતિ દરમિયાન જમીન સંરક્ષણ વગેરે કામો દ્વારા અંદાજે રૂા. ૬૦૯૯.૧૩ લાખના ખર્ચે ૩૦૧.૭૬ લાખ માનવ દિનની રોજગારીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

૧૯૮૮/૮૯ ના વર્ષથી કેન્દ્ર સરકારે અમલી બનાવેલી "જીવન-ધારા" નામની નવી યોજના હેઠળ રાજ્યના અનુસુચિત જાતિ અનુસુચિત જનજાતિના અને નાના તથા સિમાંત ખેડૂતોને તેમની જમીનમાં વિનામૂલ્યે સિંચાઇ માટે કુવાઓ તૈયાર કરી આપવામાં આવશે, પ્રથમ વર્ષે ૧૨,૦૦૦. ખેડૂતોને રાહત આપવાના આશયથી ટ્રેકટરો અને ટ્રેકટર પરનો વેચાણવેરા દર ઘટાડાયો.

ખેતી માટે વપરાતા પાણીના પંપ અને કીટનાશકો પરના-વેચાણવેરાના દરમાં પણ અપાયેલ રાહત.

જાન્યુઆરી ૧, ૧૯૮૯ થી અમલમાં આવતા ગ્રામ ગરીબો માટેના રોજગારી કાર્યક્રમ અન્વયે વર્ષ દરમિયાન ૧૨૦ દિવસની રોજગારી પૂરી પાડવાનો અને જરૂરત મંદોને રોજી આપવા માટેનો દઢ નિર્ધાર તાલુકાવાર રોજી આપવા પ્લાન તૈયાર કરાયા.

કીટનાશક પરનો વેચાણવેરાનો દર ઘટાડાયો. માછીમારો માટે યાંત્રિક બોટોમાં વપરાતા ડીઝલ પરનો દર સંપૂર્ણ માફી કરાયો.

ઈલેકટ્રોનિકસ માલસામાન પરનો દર ઘટાડવામાં આવશે.

કૃષિ-વિષયક વીજ-દરની વસુલાત પદ્ધતિમાં લાભદાયી પરિવર્તન.

ખેડૂતો માટે પાકના ભાવો ઘટે ત્યારે ઉત્પાદન ભાવ સરભર નિધિમાંથી ટેકાના ભાવ આપવાની યોજના. જમીન વિહોણા ખેત-મજૂરો માટે જૂથ વીમા યોજના અમલી બનાવાઇ. ડાંગ, જામનગર અને અમરેલી જિલ્લામાં શ્વેતક્રાંતિ પાછળ રૂા. ૮૮ લાખ ખર્ચાશે.

રાજ્ય સરકારના જાહેર સાહસ ગુજરાત ટ્રેકટર કોર્પોરેશન લિમીટેડ દ્વારા નિર્મિત ૩૦ હોર્સ પાવરના ટ્રેકટર બજારમાં મૂકાયા.

સંકલિત ગ્રામીણ વિકાસ કાર્યક્રમ અન્વયે ડિસેમ્બર-૧૯૮૭ સુધીમાં એક લાખ ઉપરાંત કુટુંબોને ઉત્પાદનલક્ષી અસ્કયામતો આપવામાં આવી. ૧૯૮૮/૮૯ ના વર્ષો માટે આ અંગે રૂા. ૨૧.૬૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગ્રામીણ ગૃહ નિર્માણ કાર્યક્રમ માટેની નાણાં વ્યવસ્થા માટે ગુજરાત ગ્રામીણ ગૃહ નિર્માણ નાણાં નિગમ સ્થાપવા વિચારણા. * ગરીબીની રેખા હેઠળ જીવતા પરિવારોના ઘરોમાં મફત વીજળી પહોંચાડવાના મહત્વકાંક્ષી કુટિર જ્યોત કાર્યક્રમનો શુભારંભ દરેક શ્રમજીવી પરિવારને દોઢ યુનિટ વીજળી મફત. * ગ્રામીણ ક્ષેત્રોમાં બેરોજગારીની સમસ્યા નિવારવા રાજ્ય સરકારે પાંચ લાખ રોજગારીની તકોનું નિર્માણ કરવાનું વિચાર્યું છે.

# પ્રભુ–પ્રાર્થના

કમલ સુથાર

સંત કબીરજી. તે પ્રખર માનવતા વાદી સંત હતા. સરળ હૃદય હતું તેમનું. તે સ્પષ્ટ વક્તા ને સત્યવક્તા હતા. જીવનમાં ક્યાંય દંભ નહીં, આડંબર નહીં. સદાય સહજ–સમાધિમાં લીન રહે. કેટલાંક દ્વેષીઓ, તેજોદ્વેષીઓ, વિઘ્ન સંતોષીઓ, કપટી શોષણખોર ઝેરી લોકો બદઈરાદાથી પ્રેરાઇને સંત કબીરજીને કોઇને કોઈ રીતે કનડતા; સતાવતા ને તેમને કોઇને કોઈ રીતે હેરાન કર્યા કરતા. ઝેરી વીંછીઓનો સ્વભાવ જ હોય નિર્દોષોનેય ડંખવાનો.

પણ આ પરમ સંત કબીરજી તો આની સહેજ પણ પરવા કરતા ન હતા. ઉદાર હૃદય હતું એમનું. સહનશીલ અને ધૈર્યયુક્ત હૃદય હતું તેમનું. તે તો હતા પરમામૃતનો સાગર. આ દ્વેષીઓની સતત કનડગત હતી છતાંય જરાય ગુસ્સે ન થતા. બધુંય ચૂપચાપ જ્ઞાન દૃષ્ટિથી સહન કરતા. રાગ–દ્વેષથી પર હતા આ મહાપુરુષ. પોતે ઝેર પીને અન્યને અમૃત પ્રદાન કરનારા. પરમ શિવ. મોહ–માયના અંધકારમાં અટવાતાં પરમ–પથનાં યાત્રીઓ માટે તે પરમ–પ્રેરણા–દીપ હતા. પરમ–દીવાદાંડી સમાન હતા.

એકવાર સંધ્યા સમય હતો. સંત કબીરજીના નિવાસ સ્થાન પાસે તેમના શિષ્યો ઊભા હતા. સંધ્યા સમયની પ્રભુ–પ્રાર્થના ધ્યાન માટે બધા એકઠા થયા હતા. બધા એક વૃક્ષ નીચે સંત કબીરજીની પ્રતિક્ષા કરતા ઊભા હતા. એટલામાં સંત કબીરજી આવ્યા. બધા શિષ્યો તેમને વંદન કરી પ્રાર્થના કરવા માટે વૃક્ષ નીચે બેઠા. ને પ્રભુ–પ્રાર્થના કરવા લાગ્યા.



એટલામાં પેલો દ્વેષી, તેજોદ્વેષી હીન લોકોની ઝેરી-વૃત્તિઓ સળવળી ઊઠી. આ શુભ–કાર્યમાં વિઘ્ન કરવાના બદઈરાદાથી તેમને ઢોલ-ત્રાંસાં વગાડી જોરશોરથી અવાજ શરૂ કર્યો. કેટલાંકે તો રાક્ષસી ચિચિયારીઓ શરૂ કરી. આ બધી હરકતો, કનડગતોથી સંત કબીરજી તો જરાય વિચલિત ન થયા.

પ્રભુ પ્રાર્થના પૂરી થઇ. ધ્યાનપૂર્ણ થયું. એટલે અકળાયેલા શિષ્યોએ સંત કબીરજીને કહ્યું :

"ગુરુદેવ, આ તેજોદ્વેષીઓએ તો કનડગત કરવામાં હદ વટાવી દીધી."

સંત કબીરજી તો જરાય ઉત્તેજિત થયા ન હતા. તેમણે શાન્ત ચિત્તે કહ્યું : "શાની હદ?"

"પ્રભુ–પ્રાર્થના વખતે આ ઝેરી લોકો ઢોલ વગાડી–ચિચિયારીઓ પાડી કેટલી બધી કનડગત કરે છે! તમે તેમને કશું જ કહેતા નથી. ખોટી રીતે સતાવે છે. વિઘ્ન કરે છે." શિષ્યો બોલ્યા. મહામના કબીરજીએ આ વાત સાંભળીને પૂછ્યું:–

"શું; આ લોકો અવાજ કરી રહ્યા હતા તે તમે સાંભળ્યો હતો?"

"બરાબર સ્પષ્ટ સાંભળ્યો હતો. કેટલો બધો વિક્ષેપ થતો હતો પ્રાર્થનામાં!"–લોકોએ દૃઢતાથી કહ્યું. સંત કબીરજી સ્વસ્થ શાન્ત ચિત્તે બોલ્યા :

"ઠીક, તમારું મન પ્રભુ–પ્રાર્થનામાં લીન હતું કે અવાજમાં?"

" અવાજમાં " લોકોએ ઉત્તર આપ્યો.

" તો પછી પ્રભુ-પ્રાર્થના કેવી રીતે થાય ? જો તમારું મન-પ્રભુ-પ્રાર્થનામાં લીન હોત તો તમને આ બહારનો અવાજ સંભળાત જ નહીં. પ્રભુ-પ્રાર્થનામાં એટલી બધી એકાગ્રતા, તલ્લીનતા હોવી જોઇએ કે આજુબાજુ ગમે તે બની રહ્યું હોય તેનો જરાય ખ્યાલ પણ ન હોવો જોઇએ. આજ સાચી પ્રભુ-પ્રાર્થના કહેવાય. "

આ સાંભળીને શિષ્યોનાં મસ્તક આ મહાન સંત કબીરજીના ચરણોમાં વંદન ભાવે ઝૂકી ગયાં.

કમલ સુથાર. ૭ શિવનગર સોસાયટી, સોસાયટીનગર વિસ્તાર, મુ. પો. હિંમતનગર-૩૮૩ ૦૦૧. જિ. સાબરકાંઠા ( ગુજરાત ).

તમારા હૃદયમાં જો ઉદારતા ન હોય તો નક્કી જાણજો કે ખરાબમાં ખરાબ પ્રકારનો હૃદયરોગ તમને લાગેલો છે.

તમારા સંબંધીઓ તમારે વિશે શું વાતો કરતા હશે એ જાણવું હોય, તો તમારા કરતાં વધુ લાયક માણસો વિશે તેઓ શું કહેતા હોય છે તે સાંભળો.

કોઈ પણ નવા વિચારના સંપર્કમાં આવતાં તમે જેટલી વેદના અનુભવો, તેની પરથી તમારી ઉંમરનો અંદાજ લગાવી શકશો.

આજે તમે જે કરી શકો તેમ હો, તે આવતી કાલ પર મુલતવી ન રાખશો—કારણ કે આજે જો તમને એમાં મજા આવે તો કાલે તમે ફરીથી પણ એ કરી શકશો.



# વિદ્યા પ્રેમી શ્રી રામતીર્થ

રજૂઆતઃ-ઝિંઝુવાડિયા કનૈયાલાલ

તીર્થરામે બી. એ. ની પરીક્ષા આપી; પણ તેમાં પાસ ન થયા. પરીક્ષા આપીને પોતાના ગુરુજીને લખે છે કે, " પરમ દહાડે મુખ પરીક્ષા છે, તેમાં મને બહુ ભય છે. " આખરે એમનો એ ભય સાચો પડ્યો; પરંતુ તે સમયની સ્થિતિ જોતાં એમ જણાય છે કે, એ વર્ષની પરીક્ષામાં જ કાંઈક એવો વિચિત્ર અનુભવ થયો હતો, કે જેથી બીજા પણ અનેક સારા સારા વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા અને જેને જરાયે આશા નહોતી તેવા પાસ થઈ ગયા હતા.

ગોસ્વામીજી તીર્થરામ કેવળ અંગ્રેજીના પ્રશ્નપત્રમાં ત્રણ માર્કસને માટે જ નપાસ થયા હતા. તીર્થરામ જેવા નિપુણ અને પરિશ્રમશીલ વિદ્યાર્થીના નાપાસ થવાથી કોલેજના પ્રિન્સીપાલ અને બીજા અધ્યાપકોને પણ આશ્ચર્ય થયું હતું. એમના પ્રશ્નપત્ર બીજી વાર જોવા માટે એમણે ઘણો પરિશ્રમ કર્યો, પણ તે વ્યર્થ ગયો. અંગ્રેજી વર્તમાનપત્રોમાં પણ એ સંબંધે ઘણો ઉહાપોહ થયો હતો. એ વર્ષથી પંજાબ વિદ્યાપીઠમાં એવો નિયમ થયો કે, વિદ્યાર્થીના બધા વિષયના માર્કનો સરવાળો કરતાં જો પાંચ માર્ક ઓછા જણાય તો તે પૂરા કરી તેમને પાસ કરવા. આથી ભવિષ્યના વિદ્યાર્થીઓને લાભ થયો, પણ તીર્થરામને તો સહન જ કરવું પડ્યું.

આ વિપત્તિથી તીર્થરામજીના સુકોમળ ચિત્ત પર ભયંકર આઘાત પહોંચ્યો. ભવિષ્યને માટે ચિંતાનો જાણે પર્વત સામો આવીને ઊભો હોય એવું તેમને લાગ્યું.

શિષ્યવૃત્તિ પણ બંધ થઇ. હવે વિદ્યાભ્યાસ ચાલુ રાખવા માટે આખા વરસની ફી, પુસ્તકો અને ભોજન વગેરેના ખર્ચની શી વ્યવસ્થા કરવી, એની મોટી ચિંતા થઇ પડી. આવી વ્યાકુલ અવસ્થામાં એક વાર એમણે નિત્યના સહાયક પોતાના માસા પંડિત રઘુનાથમલ્લને પત્ર લખ્યો કે, "માસાજી! જો તીર્થરામ પોતાની ઇચ્છાનુસાર અભ્યાસ નહિ કરી શકે, તો સમજજો કે આ સંસારમાંથી બહુ જલ્દી એ ચાલ્યો જશે." એક તરફ માસાજીને આ પ્રમાણે ઉદ્વેગ વશ થઇને પત્ર લખ્યો અને બીજી બાજુ પોતાની નિત્યવિધિ પ્રમાણે પરમાત્માની ઉપાસના કરવા માંડી. હૃદયમાં કોઇ પણ રીતે શાંતિ ન થઇ, એટલે કોઈ એકાંત સ્થાનમાં જઇ ચિરાતે હૃદયે પ્રાર્થના કરવા માંડી. તે વખતની સ્થિતિનું એમણે પોતે જ એક પ્રસંગે વર્ણન કર્યું છે. તેઓ કહે છે કેઃ-

"નાપાસ થયાની વાત સાંભળતાં જ રામના મન પર વજ્રઘાત થયો. તેનું હૃદય ફટકી ગયું હોય એમ લાગ્યું. શું કરવું તેનું કશુંયે ભાન જ રહ્યું નહિ. માસાજીને પણ ઉદ્વેગ-નો માર્યો રામ સંસારમાંથી લોપ થઈ જશે એવો ચિંતા-જનક પત્ર લખી નાખ્યો. કોઇ ઠેકાણે શાંતિ નહોતી લાગતી. પિતાજીતો પ્રથમથી જ ગુસ્સે હતા અને કોઈ પણ જાતની સહાયતા નહોતા કરતા. ઉપરાંત કુટુંબનો ભાર પણ રામને માથે નાખવા વારંવાર તૈયાર થયા હતા.

કોઇની પાસેથી કાંઇ પણ સહાય મળશે એવી શ્રદ્ધા પણ તે વખતે નહોતી રહી, તેમ એવો સંભવ પણ દેખાતો નહિ. આશ્વાસન એક માત્ર પરમાત્માનું જ હતું. એટલે એકાંતમાં જઇને ઈશ્વરનું ધ્યાન ધરીને આક્રંદ કરતાં કરતાં પ્રાર્થના



કરવા માંડી. હૃદયમાં શોકનો અગ્નિ બળતો હતો અને નેત્ર-માંથી આંસુની ધારા વહેતી હતી.

त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बंधुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव, त्वमेव सर्वं मम देवदेव ॥

"હે પ્રભુ! તમેજ મારાં માતાપિતા, તમે જ બંધુ અને તમે જ મિત્ર છો; હે મારા દેવાધિદેવ! મારું સર્વસ્વ આપ જ છો!

"આમ રોતાં રોતાં આંખો લાલચોળ થઈ ગઇ. આંસુ-ઓથી વસ્ત્ર પણ પલળી ગયાં. આવાં જ બીજાં હજારો કરૂણા-પૂર્ણ વાક્યો બોલતો જતો હતો અને વિલાપ કરતો હતો. છેવટે અત્યંત વિગલિત ચિત્તથી નીચેની પ્રાર્થના કરીઃ-

હે પ્રભુ! અમે તો કુંદનના ટુકડા છીએ, તારી મરજીમાં આવે ત્યારે ગાળી જો અને વિશ્વાસ ન હોય, તો ભલે આજે જ એની અજમાયશ કરી લે. તારી ખુશીમાં આવે તેમ અમને નાચ નચાવી લે, બધી રીતે તપાસી જો, હરેક રીતે ખાતરી કરી લે, અમે તો તારી જેવી ઇચ્છા હોય તેમ રહેવામાં રાજી છીએ, અહીં તો આમ પણ વાહવાહ છે અને તેમ પણ વાહવાહ છે. અંતઃકરણથી પ્રસન્ન થઇને અમારા ઉપર પ્રીતિ કર અથવા હે જુલમગાર! તલવાર ખેંચીને અમારા ટુકડે ટુકડા ઉડાવી દે. અમને જીવતા રાખ અથવા ધડથી મસ્તક જુદું કરી નાખ. આ તારો ભક્ત રામ હવે તો પોકારી પોકારીને કહે છે કે, અહીં તો આમ પણ વાહવાહ છે અને તેમ પણ વાહવાહ છે.

## બે પ્રેરક પ્રસંગો

લાહોરમાં અભ્યાસકાળ દરમ્યાન સ્વામી રામતીર્થ સસ્તા ભાડાના મકાનમાં રહેતા હતા, તે દરમ્યાન સર્પનો ભય તો

હંમેશનો થઇ પડ્યો હતો. એક વાર ઓરડીનું બારણું ઉઘાડતાં જ સર્પનું પૂંછડું એમના માથામાં વાગેલ.

એક વાર એમના ભાઇ ગોસ્વામી ગુરુદાસજી એમને મળવા ગયા. ત્યારે તીર્થરામજી કોલેજમાં હોવાથી બંને ભાઇઓ કોલેજમાં મળ્યા, પછી રહેવાના મકાન ઉપર આવ્યા.

તીર્થરામજીએ તાળું ઉઘાડી કમાડ ઉઘાડી નાખતાં પહેલાં જોરથી ખખડાવ્યાં. તેમના મોટાભાઇએ તેમ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું કે, 'ઘરમાં બે ત્રણ સર્પ રહે છે, એટલા માટે હું જ્યારે બહારથી આવીને બારણાં ઉઘાડું છું, ત્યારે પ્રથમ આમ અવાજ કરીને એ બહાર રમતા હોય તો તેમને પોતાના દરમાં પેસી જવાનો ઇસારો કરું છું.'

ગુરુદાસજી તો આ વાત સાંભળી આભા જ બની ગયા! અને જ્યાં તીર્થરામજીએ બારણું ઉઘાડ્યું, તો એક મોટો કાળો સર્પ ભીંતના એક ખૂણાના દરમાં પેસતો તેમણે જોયો. તીર્થરામજીએ કહ્યું, "જોયું? કેવો સમજીને અંદર ચાલ્યો જાય છે! એનાથી જરા યે ડરશો નહિ. એ તો મારી સાથે બહુ હળી ગયો છે. એને પીવા માટે રોજ રોજ હું દૂધ આપું છું."

*

એક વાર પુસ્તકોમાં થોડું ધાર્યા કરતાં વિશેષ ખર્ચ થઇ જવાથી આપત્તિ આવી પડી. આવતા આખા મહિનાનો હિસાબ કરી જોયો, તો રોજના ત્રણ પૈસા વડે જ નિર્વાહ કરવો પડે તેમ તેમને જણાયું. પહેલાં તો જરા ગભરાયા, પણ પછી આશ્વાસન પામીને બોલી ઊઠ્યા કે, "કાંઇ ફિકર નહિ. પરમાત્મા મને ઘડીને મજબૂત કરવા ઇચ્છે છે. કાંઇ



ચિંતા નહિ. અનેક માણસોને રોજના બે-ત્રણ પૈસા પણ ખાવા માટે મળતા નથી."

પંજાબમાં દાળરોટલીની બ્રાહ્મણની દુકાનો હોય છે, તેમાં રોટલીના પૈસા લેવાય છે અને સાથે દાળ મફત અપાય છે. તીર્થરામે આ રીતે રોજ સવારે બે પૈસાની અને સાંજે એક પૈસાની રોટલી વીશીમાંથી લેવાનો વિચાર કરી મહિનો વિતાવવા નિર્ણય કર્યો.

પરંતુ બીજે કે ત્રીજે દિવસે તેઓ સાંજે એક પૈસાની રોટલી લેવા ગયા ત્યારે દુકાનવાળાએ કહ્યું કે, "એક પૈસાની સાથે દાળ તમે રોજ મફત ખાઈ જાઓ છો. બેચાર પૈસાની રોટલી સાથે જ દાળ મફત આપીએ. આજ તો લઈ જાઓ પણ કાલથી એક પૈસાની રોટલી નહિ મળે."

ત્યાર પછી વિદ્યાર્થી તીર્થરામે સવારમાં એક જ વાર ત્રણે પૈસાની દાળ-રોટી ખાઈ આખો મહિનો વિતાવ્યો.

*

સ્વામી રામતીર્થના જીવનમાં આવા આવા દરિદ્રતા અને દુઃખના અનેક પ્રસંગો તેમણે લખેલા તેમના ગુરુસમા અને તેમના પિતાશ્રીના મિત્ર ભગત ધન્નારામ પર લખેલા પત્રો દ્વારા જાણવા મળે છે.

—*—

સાંકડા હૃદયમાં આવા મહાન્ પ્રભુ શી રીતે સમાય શકે? તેમને પોતાના હૃદયમાં રાખવા હોય તો મનુષ્યે પોતાના હૃદયને ઘણું જ મોટું કરવું જોઇએ.

વિવેકી મનુષ્યે બની શકે ત્યાંસુધી કોઈ મનુષ્યના કૃત્યનો કે બોલવાનો વિપરીત અર્થ કરવો નહિ.

## * દોહરા *

અનન્યભકિત ને દીનતા, વિનય તથા સુવિવેક;
વૃદ્ધિ કરજો તેમની, રાખી ઉરમાં ટેક.
માહાત્મ્ય સમજી ઇશનું, મતિનો કરો વિકાસ;
અન્ય સર્વને પરહરી, પ્રભુમાં કરો નિવાસ.
ચિંતા સર્વે ત્યાગજો, કરજો મનને શાંત;
વિવેક-વિરાગ વધારજો, કરજો દૂર તમધ્વાંત.
શાંતિ અમલ જલ છાંટીને, શમાવજો પરિતાપ;
પરિચ્છિન્ન પ્રભુ છે નહિ, વ્યાપક ચિદ્‌ઘન આપ.
નિત્ય નવીન ઉત્સાહથી, ધરજો પ્રભુનું ધ્યાન;
સ્મરણ કરજો પ્રીતથી, ત્યજી દેહ-અભિમાન.
રંગ લગાડી ઇષ્ટનો, ગણજો અન્ય અસાર;
પ્રભુપદ મનને રાખીને, તરજો આ સંસાર.
મનને શોધી પ્રેમથી, કરો અતિ નિર્દોષ;
અનન્યભકિત દૃઢ કરી, પામો બહુ સંતોષ.
જન્મમરણ જ્યાં છે નહિ, નથી સંયોગવિયોગ;
તે પદમધ્યે સ્થિતિ કરી, ભૂલો આ સૌ ભોગ.
ઘડીઘડી કરતાં દિન ગયા, દિનદિન ગણતાં માસ;
માસે વર્ષો વહી ગયાં, જાગો કરો તપાસ.
સંશય સર્વે પરિહરી, કરી વિપર્યયનાશ;
જીવભાવને ટાળીને, બનો સદ્ય અવિનાશ.
વિચાર વાંચી હૃદયના, મન પામ્યું સંતોષ;
એજ ધૂનમાં રમણ કરી, થાઓ અતિ નિર્દોષ.
પ્રિયતમ પ્રભુનું અનુસ્મરણ, ધ્યાન કરી એકતાર;
અહંતામમતા દૂર કરી, પામો ભવનો પાર.

**શ્રીનાથભગવાન.**



## રામકથા

(ગતાંકથી ચાલુ)

**શ્રી યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'બુરા માર્ગે ચઢેલા માણસોનાં મન એવાં જ હોય છે. એમની અંદર વિવેકનો છાંટો પણ નથી હોતો, એટલે એ મોહાંધ અને મૂઢ બનીને દુઃખી થાય છે તથા જેમને ફળવાની જરા પણ આશા ના હોય તેવાં દિવાસ્વપ્નાં સેવ્યા કરે છે.'

નિષ્કામ જરાક ઉત્તેજીત બનતાં બોલ્યો : 'તું મારા પ્રેમને સમજીને એની કદર નથી કરી શકતી તે જોઈને મને દુઃખ થાય છે.'

'તારા પ્રેમની તારી ઇચ્છા પ્રમાણેની કદર મારાથી કદી પણ નહિ કરી શકાય. એ સંબંધમાં તારા દિલમાં સહેજ પણ ક્ષમતા હોય તો તેને કાઢી નાખજે.'

'તારી જગ્યાએ કોઈક બીજી છોકરી હોત તો મારા પવિત્ર પ્રેમની કદર કરીને એને અપનાવત અને એના બદલામાં પોતાનું સર્વ સમર્પણ કરત, પરંતુ તું તો પથ્થર જેવી છે, અરે, પથ્થર પણ કોઇક વાર પીગળી જાય પણ તારું હૃદય નથી પીગળે એવું. એટલે તું તો પથ્થરથી પણ વધારે કઠોર છે.'

ઊર્મિલા બોલી : 'હું ભલે પથ્થરથી પણ વધારે કઠોર રહી. પથ્થરથી વધારે કઠોર છું એટલે તો તું મારી પાસે ઈચ્છાનુસાર આવીને જેમ ફાવે તેમ બોલ્યા કરે છે. તારે માટે હું આથી અધિક મુલાયમ નથી બની શકતી ને નહિ બની શકું એનો મને અફસોસ છે.'

'હું ઇચ્છું છું કે તારા વલણ પર તું પુનર્વિચાર કરે.'

'મારું વલણ છેવટનું જ છે. તેમાં પુનર્વિચારને માટે અવકાશ જ નથી. પુનર્વિચાર તો તારે કરવાનો છે અને તે તારા વલણ પર.'

નિષ્કામ થોડીવાર શાંત રહીને બોલ્યો : 'કાલે મારે મિથિલા જવું છે એટલે આ મારી છેલ્લી મુલાકાત છે. મારો મેળાપ તને ના ગમતો હોય તો તેનો કામચલાઉ વખતને માટે અંત આવી જશે. તને સુખી કરવાના મંગલ મનોરથથી પ્રેરાઇને હું આવેલો પરંતુ મારો એ મનોરથ જ રહી ગયો. એના પરથી મને લાગે છે કે તારા જીવનમાં સુખી થવાનું નથી લખાયેલું. સામેથી ચાલીને આવતા સુખને તેં લાત મારવાનું પસંદ કર્યું છે. એટલે ચૌદ ચૌદ વરસ સુધી તું નાહક દુઃખી થઇશ. મેં તને મિથિલા નગરીમાં કહેલા શબ્દો સાચા પડ્યા તે જોઇને મને આનંદ થાય છે. ધર્મ તથા કર્મનિષ્ઠ બ્રાહ્મણકુમારના શાપ કે વરદાનના વચનો કદી પણ નિષ્ફળ નથી જતાં એ હવે તું સારી પેઠે સમજી શકીશ.'

'તારા શબ્દો સાચા પડ્યા તે જોઇને આનંદ થાય છે. છતાં પણ તને કદાચ ખબર નથી કે હું દુઃખી નથી પણ સુખી છું. મારા અંતરમાં અશાંતિ નથી પણ શાંતિ છે. પ્રાપ્ત પરિસ્થિતિમાં બને તેટલા સુખનો અનુભવ કરવો એ મારો સ્વભાવ છે. તું મારે માટે ગમે તે માનતો હોય તો પણ હું તો તારા સુખની જ કામના કરી રહી છું. તને સદ્દબુદ્ધિની, મનની સ્થિરતાની ને સુખશાંતિની પ્રાપ્તિ થાય એવી મારી ઇચ્છા છે.'

'હું પણ દુઃખી નથી પરંતુ સુખી છું ઊર્મિલા!' નિષ્કામ બોલ્યો : 'અને સંપૂર્ણ સુખી તો તારા પ્રેમની પ્રાપ્તિથી જ થઈ શકીશ. તારા વિના મને સંપૂર્ણ સુખી કરે, શાંતિ ધરે ને સ્થિરતા પ્રદાન કરે એવું સંસારમાં બીજું કશું જ નથી.'



'એ બધી જ તારા મનની ભ્રાંતિ છે.' ઊર્મિલાએ કહ્યું : એ ભ્રાંતિ દૂર થશે ત્યારે જ તું સદ્દબુદ્ધિની પ્રાપ્તિ કરશે.'

'સારું ત્યારે હું જઉં છું.' કહીને નિષ્કામ ઉભો થયો :

'અમરાપુરીમાંથી સાક્ષાત ઈન્દ્ર કે બ્રહ્મલોકમાંથી બ્રહ્મા ઉતરે તો પણ તને નથી સમજાવી શકે તેમ. લક્ષ્મણે કોણ જાણે તને શું કામણ કર્યું છે કે એ વનમાં છે તો પણ તું એમના વિચારને નથી છોડી શકતી. કોઇ વાર અયોધ્યામાં આવવાનું થશે તો મળીશ.'

ઉર્મિલા એને જતો જોઇ રહી.

લક્ષ્મણની એને માટેની લાગણી એને યાદ આવી. એ લાગણી કેટલી બધી અનેરી અને અનુપમ હતી? ચિત્રકૂટની ચિત્તાકર્ષક શાંત ભૂમિનું સ્મરણ પણ એને આપોઆપ થવા માંડ્યું.

'ક્યાં આયોધ્યા અને ક્યાં ચિત્રકૂટ?' એ ગણગણી : 'બંનેની ભૂમિમાં કેટલો બધો ફેર છે? બંનેનું વાતાવરણ જ જુદી જાતનું છે.

ચિત્ત તો મારું ચિત્રકૂટ તરફ ખેંચાઇ રહ્યું છે છતાં પણ અયોધ્યાને ચિત્રકૂટ માનીને શાંત રહ્યા સિવાય છૂટકો નથી. રામ સીતા અને લક્ષ્મણ જેવા પુણ્યાત્માઓની સંનિધિ કાંઇ જેને તેને અને જ્યારે ત્યારે મળે છે?'

એ વખતે રામ, સીતા અને લક્ષ્મણ પણ ઊર્મિલાને યાદ કરીને એની અસાધારણતાને અંજલિ આપી રહ્યાં હતાં.

રામે કહ્યું : 'ભરત અને ઊર્મિલા બન્નેનો ત્યાગ અનુપમ છે. એમના ત્યાગ અથવા સમર્પણ ભાવની બરાબરી બીજા કોઈનાથી નથી થાય તેમ. સંજોગોએ એમને આપણાથી છૂટાં પાડ્યાં તો પણ એમનો આપણે માટેનો પ્રેમ આપણાથી નથી ભૂલી શકાતો.'

સીતા બોલી : 'ઊર્મિલાના સંસ્મરણો મારી આંખ આગળ આવીને આપોઆપ ઉભાં રહે છે. એનો વિયોગ મને વારંવાર સાલે છે. પરંતુ શું થાય ? કાળની આગળ કશો ઉપાય નથી ચાલી શકતો.' 'જે કાળ અનુગ્રહની અમૃતવર્ષા કરતાં સ્નેહીજનોનો સંયોગ કરાવે તે જ કાળ કઠોર કે ક્રૂર થઈને એમનો વિયોગ કરે છે. એની લીલા ઘણી ગહન છે.' લક્ષ્મણ એટલું કહેતાં કહેતાં ગળગળો થઈ ગયો.

બીજે દિવસે બપોરે રામ મંદાકિનીના મધુમય તટ પ્રદેશ પર સીતાની સમીપે ઘાસની લીલીછમ શય્યા પર સૂતા હતા. સીતા રામની બાજુમાં બેસીને ઊર્મિલાનું સ્મરણ કરી રહી હતી. લક્ષ્મણ નજીકના નિર્જન વનપ્રદેશમાં ફળમુળ લેવા ને ભ્રમણ કરવા નિકળેલો.

સીતા મંદાકિનીના પવિત્ર પ્રવાહ તરફ જોતી, રામનું મુખ નિહાળતી, અને વચ્ચે વચ્ચે પ્રશાંત પર્વતપંક્તિ તરફ નજર નાખતી.

(ક્રમશઃ)

સફળ ન થવાથી આપણે જે ગુમાવીએ છીએ, અને પ્રયત્ન જ ન કરવાથી જે ગુમાવીએ છીએ, તે બે વચ્ચે કોઈ સરખામણી થઇ શકે નહિ.

તમારે જેની જરૂર હોય તે તમને મળે નહિ તો એમ સમજવું કે કાં તો તેની ખરેખરી જરૂર તમે અનુભવી નહિ હોય, અથવા તો તેની કીમત અંગે તમે ખેંચતાણ કરી હશે.

## શરીર ધારણનો હેતુ

મારું શરીર આટલા માટે જ જન્મેલું છે કે માનવજાતિની આગળ આધ્યાત્મિક ને યોગિક પરિપૂર્ણતાનો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ દાખલો એક વાર ફરી મૂકીને તેમજ તે શક્તિનો ઉપયોગ જીવનના ને માનવજાતિના હિતમાં કરીને લુપ્તપ્રાય આધ્યાત્મિક માનસને જાગૃત કરી યોગ અથવા ઈશ્વરની અશ્રદ્ધાને ફરી વાર નિર્મૂલ કરી દેવી.

જડવાદની આજની ભયંકર તાકાત સામે નાનીસૂની આત્મિક શક્તિથી ચાલે તેમ નથી, ને તેથી જ ઈશ્વરે પોતાના સમસ્ત મહિમા સાથે મારામાં પ્રકટવાનું પસંદ કર્યું છે. મને શા માટે પસંદગી આપી છે તે તો તેજ જાણે છે. પરંતુ આ બાબત માટે મને જરાયે શંકા નથી રહી, ને દિવસે દિવસે હું તેનો સ્વર વધારે ને વધારે સ્પષ્ટ ને તીવ્ર રૂપમાં સાંભળી રહ્યો છું. જે તેની પ્રેરણા છે તેની પૂર્તિ માટેનાં ઉપકરણ પણ તે જ તૈયાર કરે છે. પણ આજે મારા આનંદનો પાર નથી કેમ કે પોતાનું આવું હથિયાર બનાવીને મારા જેવા દરિદ્ર પ્રેમીને ઈશ્વરે મહાન ભાગ્ય આપવા ધાર્યું છે એમ હું સમજું છું.

— યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * મહાપુરુષોના શરીરધારણના હેતુ *

અવતારી અને મુક્ત મહાપુરુષોના શરીરધારણના બે હેતુ હોય છે : એક તો વ્યક્તિગત સાધના દ્વારા બીજાને માર્ગદર્શન કરવાનો હેતુ ને બીજો આધ્યાત્મિક પુનરુત્થાનનો હેતુ.

જે વખતે કેવળ બીજા હેતુને સિદ્ધ કરવાની જરૂર હોય છે તે વખતે શંકરાચાર્ય, જ્ઞાનેશ્વર જેવા મહાપુરુષો જન્મે છે ને તે રીતે કામ કરે છે. પણ બન્ને હેતુની સિદ્ધિ જરૂરી હોય છે, ત્યારે ઈશુ, બુદ્ધ, તુલસી ને ચૈતન્યની જેમ મહાપુરુષો પોતાના જીવન દ્વારા તે બન્ને હેતુને સાધી બતાવે છે.

તેની જરૂર પણ ખૂબ છે. કેમકે જગતમાં જો બધા મહાપુરુષો બાલપણથી મુક્ત થઇને જ જન્મે તો ઈશ્વર-દર્શન કે મુક્તિ ને પૂર્ણતાની સાધનામાં પ્રત્યક્ષ પ્રયોગો કરી બતાવીને જગતને પ્રેરણા કોણ આપે?

પછી તો માણસો એમ જ માને કે મહાપુરુષો તો જન્મથી જ ઈશ્વરની વિશેષ કૃપાથી મુક્ત થઈને આવે છે પણ આપણાથી કાંઈ તેવા થઈ શકાય નહિ. મહાપુરુષો પોતાના જીવનમાં સાધનાના સફળ પ્રયોગો કરી બતાવીને બીજાને ઉત્સાહ આપે છે ને માનવજાતિની મરી પરવારતી અથવા ડગમગતી શ્રદ્ધાને જીવતી કરે છે.

— યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧